॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ફેબ્રુઆરી ૨૦૧૪

રૂા. ૫/૦૦



૩૧ લાખ ફુલોથી શણગારવામાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ભુજ



**પવિત્ર ધનુર્માસ ધૂનમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભક્ત સમૂદાયના સાનિધ્યમાં ભવ્ય શાકોત્સવ-માંડવી**



**પંચાહન પારાયણમાં ઠાકોરજીની શોભાયાત્રા તથા આચાર્ય મહારાજશ્રીની પધરામણી - માંડવી, ભારાપર**



**શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનું પ.પૂ. મહંત સ્વામી તથા યજમાન પ.ભ. અ.નિ. કરનસભાઈ પોકારના સુપુત્રો કુંવરજીભાઈ આદિ પરિવાર દ્વારા સમગ્ર નડિયાદના ભક્તોની હાજરીમાં ખાતમુર્હૂત સંપન્ન થયું - નડિયાદ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૨ - ફેબ્રુઆરી – ૨૦૧૪
સળંગ અંક - ૩૩૮

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

દરેક માસની સાથે વિશેષ તહેવારો અને તિથિઓ જોડાયેલા છે. ધનુર્માસ... પ્રાતઃકાળનો સમય અને કળકળતી ઠંડીમાં ધૂનમાં ધ્યાન લગાવીને બેસી જવાની ધન્ય પળો ! મકરસંક્રાતિ... તલના લાડુ, શેરડી, બોર, જામફળની જયાફત સાથે પતંગપર્વનો થનગનાટ ! પ્રજાસત્તાકદિન... રાષ્ટ્રીયપર્વે ગૌરવભેર રાષ્ટ્રભક્તિ દ્દઢ કરવાના સંકલ્પોનું સ્મરણ ! ઉલ્લાસમય આ દિવસો દરમ્યાન સૂર્યનારાયણનું સાંનિધ્ય માણ્યું અને હવે આવે છે ઋતુઓમાં શિરમોર ઋતુરાજ વસંત ! પ્રકૃતિએ સોળે શણગાર સજવાની ઋતુ એટલે વસંતઋતુ ! યૌવનની પાંખ પર ઉડવાની ઋતુ એટલે વસંતઋતુ ! થનગનાટની ઋતુ એટલે વસંતઋતુ ! તેમાંય વળી વસંતપંચમીનો દિવસ એટલે યૌવનની તાજગીનો દિવસ ! માનવ કલ્યાણનો દિવસ, શિક્ષાપત્રી જયંતી !

હા, વસંતપંચમીના દિવસે જ શ્રી સહજાનંદ સ્વામીએ માનવમાત્રના કલ્યાણાર્થે 'શિક્ષાપત્રી'ની અણમોલ ભેટ વિશ્વને આપી છે. પ્રાકૃતિક સૌંદર્યની ઋતુમાં જીવન સૌંદર્ય નિખારવા માટે 'શિક્ષાપત્રી' જીવન જીવવાની જડીબુટ્ટી છે ! વસંતપંચમીનો દિવસ એટલે આપણા સંપ્રદાય માટે પરમ આનંદનો દિવસ કારણ કે આ દિવસે જ 'શિક્ષાપત્રી' દ્વારા જીવન જીવવાની સાચી સમજ અને મોક્ષપ્રાપ્તિનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે.

બાહ્ય જગતની ચકાચોંધથી અંજાઈ જઈને જીવન ભાગતું, દોડતું, હાંફતું રહે છે. પરંતુ ભીતર ડોકિયું કરીએ ત્યારે ઈશ્વરે આ દેહ આપીને કેટલો મોટો ઉપકાર કર્યો છે તેનું મહત્ત્વ સમજાય છે. બાહ્ય સ્થૂળ છે, ચર્મચક્ષુથી દેખાય છે, સ્પર્શથી અનુભવાય છે પરંતુ તે ક્ષણભરનું છે. જ્યારે ભીતર સૂક્ષ્મ છે, જેનો અનુભવ આંતરચક્ષુથી અનુભવાય છે, સંવેદનાથી સમજાય છે.

એક પ્રેરક પ્રસંગને યાદ કરીએ. મહર્ષિ ઉદાલકે નિર્વિકલ્પ સમાધિની અવસ્થા પામવા માટે કરેલું તપ સિધ્ધ ન થતાં, નિષ્ફળતાની જિંદગી કરતાં મૃત્યુ બહેતર છે એવું વિચારીને અન્નનો ત્યાગ કરી મૃત્યુની આરાધના શરૂ કરી. ઋષિની આ સાધનાથી ગ્લાનિ અનુભવતા વિરુધ નામના વૃધ્ધ પોપટે મહર્ષિ પાસે જઈને નમ્રભાવે કહ્યું, "હે ઋષિરાજ, જીવમાત્ર માટે મૃત્યુ નિશ્ચિત છે તેથી મૃત્યુ માટેની આવી સાધનાની શી જરૂર છે ? આપ મૃત્યુને બદલે અમરત્વની સાધનાનો પથ અપનાવો તે યોગ્ય થશે." વૃધ્ધ શુકની આ વાતે ઋષિને ચિંતન કરવા વિવશ કર્યા અને તેમણે અમતત્વની પ્રાપ્તિ અર્થે પ્રબળ પુરુષાર્થ કર્યો. તેમને આપોઆપ નિર્વિકલ્પ સમાધિની અવસ્થા પ્રાપ્ત થઈ.

આ બોધકથા શીખવાડે છે કે સાધના જીવનની કરવી જોઈએ. ભગવાને જે જીવન આપ્યું છે તે અતિસુંદર છે. તેનું જતન કરવું આપણું પરમ કર્તવ્ય છે. વાણીમાં વિવેક, વ્યવહારમાં વિનમ્રતા, વિચારમાં સદ્‌વિચાર, આચરણમાં સદાચાર, કર્મમાં સત્કર્મ અને હૃદયમાં શ્રીજી મહારાજ પ્રત્યે અખૂટ શ્રધ્ધાનું અવતરણ સંત સમાગમથી અને શિક્ષાપત્રીની આજ્ઞાઓનું ચૂસ્ત પાલન કરવાથી અવશ્ય થાય. ધન્ય થવાની દિશા પામવા દ્દઢ ભક્તિ અને સદ્‌ગુરુના જ્ઞાન અને માર્ગદર્શનની આવશ્યકતા છે. ભવસાગર તરી જવા માટે શ્રધ્ધા રૂપી નાવ ઉત્તમ સહારો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણે આપેલ શ્રી નરનારાયણદેવમાં અખૂટ-અતૂટ શ્રધ્ધા એટલે જીવનનો સહારો. આ સહારો સહજ આનંદ આપનારો છે, તેથી જ સહજાનંદના આપણે બધા છીએ !

ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌને શ્રધ્ધા આપે, સેવાભાવ આપે, સહજ આનંદ આપે એવી પવિત્ર પ્રાર્થના સહ સૌને જય શ્રી સ્વામિનારાયણ !

# શિક્ષાપત્રી એટલે શું ??

રસિકભાઈ શ. ગોળવિયા વેળાવદરવાળા, સુરત



શ્રીજી મહારાજે સ્વયંમ વડતાલમાં ૧૮૮૨માં મહા સુદ ૫ ને દિવસે શિક્ષાપત્રી લખી ૩૫૦ શાસ્ત્રોના સારરૂપ દોહન કરી ૨૧૨ શ્લોકમાં એક ખીસામાં સમાઈ શકે તેવી ઉપદેશની - આચારની પત્રિકા (જે પોકેટ બુક જેવડી) માં સર્વજીવહિતાવહ સર્વોપયોગી આચાર-સદાચાર વિશે શિક્ષાનો ઉપદેશ વચનો કહ્યા. જે શિક્ષાપત્રીનો પાઠ પણ કહી શકાય.

માત્ર સત્સંગ સમાજને નહીં પરંતુ વિશ્વના સર્વ કોઈ જનને માટે લખી છે. જે કોઈ દૈવી સંપ્રદાયે યુક્ત છે તેના માટે. આવી સર્વ શાસ્ત્રના આચારના સારરૂપ સરળ અને સહેલું ટૂંકમાં શિક્ષાપત્રીમાં જે જણાવ્યું છે તે માટે સંતો, મહંતો, ધર્માચાર્યો, સામાજિક કે રાજકીય મહાનુભાવો કે વિદેશીમહાનુભાવોએ તે માટે ઘણું કહ્યું છે. તો શિક્ષાપત્રી એટલે શું ? તે જોઈએ.

- એક અંગ્રેજે કહ્યું છે અને નોંધ કરી છે કે શિક્ષાપત્રી એટલે માત્ર સ્વામિનારાયમના આશ્રિત શિષ્ય વર્ગનોજ ગ્રંથ નહીં પણ માણસાઈ ભરેલા માણસો પેદા કરવાનું મેન્યુઅલ છે.
- એક ન્યાયધીશે કહ્યું છે કે શિક્ષાપત્રીનો વ્યવહાર અને નીતિનો પક્ષ શ્રેયને સતત કેન્દ્રમાં રાખે છે.
- સરદાર પટેલ અને મહેંદી નવાબ ઝંગે (ગુજરાતના પ્રથમ મુસ્લીમ ગવર્નર) કહેલું છે કે સ્વામિનારાયણની શિક્ષાપત્રી જો દેશનો કોઈ પણ માણસ પાળે તો વ્યવસ્થા માટે પોલીસ કે સફાઈ કામદારની જરૂર પડે જ નહીં.
- સામજિકજને કહ્યું છે કે શિક્ષાપત્રીનું લખાણ અતિશય ટૂંકુ છે પણ સમજણ માટે ઘણું ઊંચુ છે. માનવીના નૈતિક મૂલ્યોનું ઘડતર કરતો ગ્રંથ એટલે શિક્ષાપત્રી.
- એક અન્ય સંપ્રદાયના સંતે કહેલું કે શિક્ષાપત્રી એટલે જગતના દાવાનળથી બચવા માટેનું શીતળ બાવના ચંદનને હું શિક્ષાપત્રી કહું છું.
- કવિ નાનાલાલે કહેલું કે શિક્ષાપત્રી એક કર્દમલતા એટલે કે અંતરને નિર્મળ કરનારી ઔષધી છે.
- એક મહાન સંત - શિક્ષાપત્રી એટલે ઈશ્વરના દરબાર સુધી મૂકી આપવાની સુંદર કેડી.
- રવીન્દ્રનાથ ટાગોર - સુરતના ઘનશ્યામ મશરૂવાળાનું વર્તન વિવેક અને આચરણની મારા ઉપર એટલી અસર પડી છે. તેમના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રીનો અંધારામાં ધોળા દિવસ જેવું અજવાળુ પાથરે છે. સંસારમાં સુખિયા થવાની એક અગત્યની મેડીસીન છે. એવું સર્વજીવ હિતાવહ શાસ્ત્ર.
- એક બેરીસ્ટર(કાયદાના ખાં) કહે છે શિક્ષાપત્રી અને ગીતાને આજના અણ સમજુ (દુનિયા તેવોને સમજુ લોકો કહે છે) લોકો સજા ફરમાવતું શાસ્ત્ર કહી રહ્યા છે પણ એવું નથી શીખ, સમજણ, શિક્ષણ સમજ, સહજતાઈ અને અલભ્યને સુલભ કરવાની રીતિ નીતિની સમજ આપતું શાસ્ત્ર છે. ન્યાયની પ્રક્રિયામાં પણ બંને શાસ્ત્રો ન્યાયલયને અને ન્યાયધીશ અને બંને પક્ષોને સમજ આપતું નીતિ અને ધર્મશાસ્ત્ર છે.
- શિક્ષાપત્રી એટલે આપણા ઈષ્યદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદયકમળથી ઉદ્‌ભવેલી અમૃતાવલિ. આપણને સાચી દિશા બતાવતી

આચાર સંહિતા ઉપરાંત આપણા ઈષ્ટદેવનું વાગ્મય( વાણી ) રૂપ સ્વરૂપ.

- શિક્ષાપત્રી મનુષ્યની ખરી માતા છે. મનુષ્યને માતા જેમ પુત્રને ચોખો કરી પિતા પાસે મોકલે તેમ શિક્ષાપત્રી ચોખા કરી પ્રભુ પાસે મોકલનારો ગ્રંથ.
- શિક્ષાપત્રી એટલે એક આદર્શ ભક્ત (સાચો વૈષ્ણવ) નો પ્રાત:કાળથી શયન સુધીનો હિતોપદશક કાર્યક્રમ એટલે કે ગાગરમાં સમાવેલ સાગરરૂપ ટૂંકમાં સંપૂર્ણ સદ્ઉપદેશ.
- શિક્ષાપત્રી એટલે મોક્ષમાર્ગની સફળ કુંચી.
- સફળજીવન સદ્‌વર્તનનો ઉપદેશ અને આજ્ઞા.
- ઉચ્ચવર્તનરૂપ શિક્ષાનો સંક્ષેપમાં બોધરૂપી પરમાત્માની વાણી.
- આલોક અને પરલોકના સુખનો વિચાર એટલે શ્રીજી મહારાજની શિક્ષાપત્રી.
- માનવીની સાચી વશલ્ય કરણી ઔષધી.
- સંસાર સાગર પાર કરવાની નાવ એટલે શિક્ષાપત્રી.
- સર્વેનો સર્વકાળ સદા સર્વજીવોનો સંદેશો પ્રસરાવતી આચાર પત્રિકા.
- આશ્રિતોનું રક્ષણ કરતું સુદર્શનચક્ર.
- વિચાર, વર્તન અને પવિત્રતા સાથે મનવજીવન જીવવું તેના સરળ ઉપાયનું અમૂલ્ય શાસ્ત્ર એટલે શિક્ષાપત્રી.
- વર્તમાન યુગનો એક્સ-રે એટલે શિક્ષાપત્રી.
- એક નિયમાવલિ જેમાં સમગ્ર સત્શાસ્ત્રના આચારનો નિચોડ.
- વસંતમાં લખાયેલી શિક્ષાપત્રી જીવનમાં વસંત લાવે છે.
- ભવાટવીમાં ભૂલો પડેલ માનવીની રાહદર્શ એટલે શિક્ષાપત્રી.
- આચાર સંહિતારૂપ એક અમૃતનો કળશ સત્‌શાસ્ત્રોના હાર્દરૂપ શિક્ષાપત્રી.
- સર્વજીવહિતાવહ સદાચાર પત્રિકા. મુમુક્ષુ પ્રત્યેનો હિતેસુ પત્ર આજના યુગના માણસને ખરો માનવી થતાં શીખવતુ શાસ્ત્ર.
- ૨૧૨ શ્લોકમાંથી લાગુ પડતા શ્લોકનું યથાયોગ્ય પાલન થાય તો દુ:ખનું દાળોદર કાઢી નાંખે કહેતા કે જીવનમાં દુ:ખનો પડછાયો

## ફેબ્રુઆરી, ૨૦૧૪ની કથા પારાયણો

| ગામનું નામ | તારીખ | યજમાન |
|---|---|---|
| મુંબઈ-પાર્લા | ૫-૨૧૪ થી ૯-૨-૧૪ | શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન પાર્લા મુંબઇ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે |
| ભુજ | ૬-૨-૧૪ થી ૧૬-૨-૧૪ | શ્રી સ્વામિનારાયણ કન્યાવિદ્યા મંદિર કોલેજનું ખાતમુહૂર્ત |
| માધાપર | ૧૧-૨--૧૪ થી ૧૫-૨-૧૪ | લાલજી ખીમજી ભુવા હાલે નૈરોબી તરફથી પંચાહ્ન ભાગવત કથા ભુજ મંદિરમા હસ્તે રૂળાભાઇ શામજી ખેતાણી ગોડપર. |
| એડેલઈડ (ઓસ્ટ્રેલિયા) | ૧૨-૨-૧૪ થી ૧૬-૨-૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા પારાયણ પાંચ દિવસની |
| મુંબઈ થાણા | ૧૦-૨-૧૪ થી ૧૪-૨-૧૪ | મુંબઈ થાણા શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ પાંચ દિવસની થાણા મધ્યે હસ્તે મોહનજીભાઈ |
| નારણપર નીચલોવાસ | ૧૭-૨-૧૪ થી ૨૧-૨-૧૪ | પાંચ દિવસની કથા પારાયણ |
| ભુજ | ૧૬-૨-૧૪ થી ૨૦-૨-૧૪ | મીરજાપરના અ.નિ. કાનજીભાઇ દેવજી હિરાણી ધ.પ. ધનબાઇ કાનજી હિરાણી હસ્તે હિતેનભાઇ કાનજી હસ્તે ધનજી કલ્યાણ ધનાણી સુખપર પાંચ દિવસની ભુજમાં કથા પારાયણ |
| ઊમૈયા વાગડ | ૨૩-૨-૧૪ | પાટોત્સવ પ્રસંગે ૧ દિવસની પારાયણ યજમાન મેઘજી આંબા ગામી |

પણ જોવા ન મળે.

- ભગવાનના દ્વારે સજીવે(દેહ છતે) દર્શન મેળવવાનો અકલ્પનીય માર્ગ એજ શિક્ષાપત્રી. કુટુંબ, સમાજ, પર્યાવરણ શુદ્ધિનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષાપત્રી.
- શિક્ષાપત્રી દ્વારા શ્રીહરિએ અક્ષરધામના દ્વાર ખોલ્લી નાંખ્યા જે હિતતમધર્મ તત્ત્વ સરળ રીતે બનાવી જગતના જીવોને ન્યાલ કરી નાંખનાર એટલે શિક્ષાપત્રી.
- માનવને મુક્તિના સાધનો અને મુક્તિની સ્થિતિ બતાવતી શિક્ષાપત્રી.
- શિક્ષાપત્રી સંપ્રદાયનું આચાર સંહિતા શાસ્ત્ર તો ખરું જ જેમાં સર્વધર્મ સમન્વયની ભાવના બતાવતું શાસ્ત્ર જે બીજા શાસ્ત્રોમાં જોવા સાંભળવા ઓછું મળે છે.
- અંગ્રેજ સરમાલકમ ને રાજકોટમાં પ્રથમ પરદેશીને આપેલ શિક્ષાપત્રી ગ્રંથ જે લંડન હાવર્ડ યુનિવર્સિટીની લાયબ્રેરીમાં સંગ્રહાયેલો છે. જે અંગ્રેજોએ જોઈને સમજીને અભ્યાસ કરીને નોંધ લખી છે કે ભારતના નારાયણ સ્વામીએ જે તેમના સત્સંગ સમાજ ઉપરાંત ધર્મભાવના વાળા સર્વને શિક્ષાપત્રી એ એક અણમોલ ભેટ છે. એથી મોટી ભેટ આ દુનિયામાં કોઈ ના હોઈ શકે.
- આપણે સત્સંગમાં આવ્યા એટલે ભગવાન આપણા થયા તેવું ધર્મશાસ્ત્રો બતાવે છે.પણ આપણે ભગવાનના કેટલા થયા તેનું કોઈ માપ ખરું ? જો તે માપ પરિમાણ જાણવું હોય તો એક શિક્ષાપત્રી છે. તેમાં કરાયેલ આજ્ઞા (આપણને લાગુ પડતા) તેમાંથી કેટલા ટકા આપણે પાળીએ છીએ, માનીએ છીએ તે આપણેજ આપણી જાતે નક્કી કરાવતું શાસ્ત્ર એટલે શિક્ષાપત્રી. શિક્ષાપત્રીથી આપણે ભગવાનના કેટલા થયા તે જાણવાનું શાસ્ત્ર કહ્યું છે.

ટૂંકમાં શિક્ષાપત્રી એટલે અતિકૃપા કરીને શ્રીજી મહારાજે સારાએ વૈષ્ણવજનને ૩૫૦ શાસ્ત્રોનો આચાર સંહિતાનો સાર એક નાના એવા ગુટકારૂપ શિક્ષાપત્રીમાં આપી. જે એક શિક્ષાવચન ઉપદેશની પત્રી (પત્ર-સંદેશ-વાત ઉપદેશ) કહી શકાય. સ્વયં પુરુષોત્તમ નારાયણે પોતે લખેલું, પ્રવર્તાવેલું એવું હિતતમ ધર્મ શાસ્ત્ર એટલે આપણી શિક્ષાપત્રી.

ધર્માચાર્યો શાસ્ત્ર તજજ્ઞો એવું કહે છે કે દુનિયામાં ધાર્મિક ગ્રંથો જેટલા બહાર પડ્યા છે તેમાં શ્રેષ્ઠ, સરળ ટૂંકુ અને મુદ્દાસરનો જો કઈ શકાય કે વિશ્વના કર્તાહર્તા નારાયણે સ્વયં જે સદાચાર સારધાર પાળીને તે ગ્રંથ લખ્યો છે. અને વિશ્વનું છેલામાં છેલું આમ પ્રથમ સંશોધન દોહન છે અને શિક્ષાપત્રી એક એવું સદાચારનું ગ્રંથ માધ્યમ છે કે ભવિષ્યમાં સત્સંગ કેવળ બાહ્યાચાર ન બની જાય તેથી તમામ હકિકત સૂત્રથી બંધ(બાંધી લીધા) કહી શકાય.

# સંપૂર્ણ સાત્ત્વિક બુદ્ધિ જ હિંસાથી બચાવે

હિંમ્મતભાઈ ઠક્કર (રઘુવંશી)

શ્લોક-૧૧માનો ભાવાર્થ :-

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ શ્લોક-૧૧મા માં કહે છે. અમારા આશ્રિતો હોય તેમણે કોઈ પણ જીવપ્રાણી માત્રની હિંસા ન કરવી. અને જાણી જોઈને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ ઈત્યાદિક જીવની પણ ક્યારેય હિંસા ન કરવી.

શતાનંદ સ્વામી આ શ્લોકનો વિસ્તૃત અર્થ સમજાવતાં કહે છે કે, માનવે મન, કર્મ અને વચનથી કોઈનો અપકાર કરવો નહિ. ઉપકાર એટલે કોઈનું સારું કે ભલું કરવું અને અપકાર એટલે બૂરું કે ખરાબ કરવું.

શાસ્ત્રોએ તો માનવને અહિંસાનું વ્રત લેવા કહ્યું છે. છરી, તલવાર, રીવોલ્વર ઈત્યાદિક હિંસક શસ્ત્રો છે, જે હિંસક કર્મના

ક્ષેત્રમાં આવે છે. બુદ્ધિમાન લોકો પૂછે છે કે, મન અને વચનમાં વળી આવાં હિંસક શસ્ત્રો ક્યાં છે ? અહિંસાનો સાચો અને વ્યાપક અર્થ છે મન, વચન અને કર્મથી અહિંસાનું પાલન કરવું. તેથી વ્રતની દૃષ્ટિએ 'અહિંસા-વ્રત' અતિ સૂક્ષ્મ અને ગહન છે.

પશુઓના કતલખાનામાં થતી હિંસા જલ્લાદ, શસ્ત્રો અને બલિ સાથે જોડાયેલ જાણી જોઈને અને હેતુપૂર્વકનું હિંસક કર્મ છે. જ્યારે મનથી કોઈને મારી નાખવાના વિચારો અને વચનથી એટલે કે કટૂ વાણીથી બોલાયેલા શાબ્દિક આઘાત પણ હિંસાની સૂક્ષ્મતા, ગહનતા અને વ્યાપકતા સાથે જોડાયેલા છે.

જેમ વ્યવહારમાં વપરાતા ચલણી સિક્કાને બે બાજુઓ હોય છે તેમ પ્રત્યેક સિદ્ધાંતને પણ બીજી બાજુ હોય છે. ઉપરની વાતોને બીજી રીતે વિચારીને પણ હિંસા અહિંસાને ઊંડાણથી સમજી લઈએ.

શાસ્ત્રો અને અનુભવો એમ પણ કહે છે કે હિંસા કર્યા વિના તો આ સંસારમાં કોઈ ભોગજન્ય પદાર્થોની પ્રાપ્તિ થતી નથી. કોઈ પણ શારીરિક કર્મ કરતી વખતે હિંસા તો થતી જ રહેતી હોય છે. પછી તે જાણીને કે અજાણતા પણ હોય છે અને તે બધી હિંસાઓ અનિવાર્યતા પણ ધરાવે છે.

વળી, હિંસાનો મુખ્ય સ્રોત છે 'બુદ્ધિ'. આ બુદ્ધિ કોઈ પણ વસ્તુનો નિર્ણય કરીને વચન તથા કર્મોમાં મનને પ્રવૃત્ત કરે છે. તર્ક-વિતર્ક અને છણાવટ બાદ જેવો નિશ્ચય થાય છે એ પ્રમાણે માનવ મન, શરીર અને તેની વાણીને પ્રર્વર્ત્તાવિ છે. તેથી જ જ્યારે સંપૂર્ણ સાત્ત્વિક બુદ્ધિ થાય ત્યારે જ સૂક્ષ્મ હિંસાથી બચી શકાય છે.

અત્રે આપણે અજાણ્યે થતી હિંસા અને જાણી જોઈને થતી માત્ર સ્વાર્થી હિંસાને પણ ઉદાહરણથી સમજી લઈએ.

- રસ્તે ચાલતાં પગતળે આપણને ખબરેય ન હોય ને કીડી, મંકોડી કે અન્ય સૂક્ષ્મ જીવો માર્યા જાય આવી હિંસા મોટે ભાગે અજાણપણે થતી રહે છે. જે અનિવાર્ય મનાય છે.

- લૂટ કે બદઈરાદે કરાતી હિંસા જાણી જોઈને જ થાય છે જે જેને શાસ્ત્રોએ વર્જ્ય ગણી છે.

શ્રી શતાનંદ સ્વામી બુલંદ સ્વરે કહે છે કે જાણી જોઈને હિંસા કરવાવાળાઓ તો સ્વામિનારાયણ સંપ્રદાયની શિત્રાપત્રીને લાયક જ નથી.

" જાણી બૂઝીને જીવોના, નિકંદન કરનારા,
ધર્મનો તું કેમ હક્કદાર થાય ?
અધર્મ આચરી તન-મનથી તો,
અધર્મીઓ બધા અવશ્ય નર્કે જાય !"

અને શ્રીજી મહારાજે કહ્યું છે તે પણ બરોબર સમજી લઈએ કે - "મારા આશ્રિતોએ જાણીજોઈને મચ્છર, માંકડ આદિક સૂક્ષ્મ જીવોની ક્યારેય હત્યા કરવી નહિં."

આમ જાણ્યે-અજાણ્યે થઈ જતા-કરાતા પાપો અંગે વ્યાસ ભગવાને, યાજ્ઞવલ્ક્ય ઋષિએ અને પરાશર મુનિએ પણ ઊંડું માર્ગદર્શન આપ્યું છે.

**:: અક્ષરવાસ ::**

કરસનભાઈ પંચાણભાઈ ગોગરા ગામ ભીમાસર (સહારા) ઉંમર વર્ષ ૧૦૧ તા. ૧-૧-૧૪ના રોજ અક્ષરવાસી થયા છે શ્રીહરિ તેમને પોતાના ચરણોનું સુખ આપે તેવી પ્રાર્થના

ગામ મેઘપરના પ.ભ. નાનજી રવજી હાલાઈ, ઉ.વર્ષ ૮૨ તા. ૧-૧-૨૦૧૪ના શ્રીજી ચરણ પામ્યા છે. પરમકૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવંગત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે તેમજ પરિવારજનોને આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## ધનુર્માસ નિમિત્તે ધૂન

ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના પ.પૂ. સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી દરરોજ વહેલી સવારે "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન ધનુર્માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ચાલતી ધૂનમાં તા. ૩૧-૧૨-૧૩ના સવારે અમદાવાદથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ હાજર રહેલ. ધૂનનું આયોજન વિશાળ શ્રી નરનારાયણદેવ સભામંડપમાં રાખવામાં આવેલ. તે દિવસે મહારાજશ્રીના આશીર્વાદ લેવા માટે ૫૦૦થી ઉપર ધૂનના યજમાનશ્રીઓએ લહાવો લીધેલ. સાં.યો. મહંત સામબાઈ ફઈએ બહેનોને પ્રેરણા કરીને ધૂન માટે ૨૦૦થી ઉપર ધૂનો બહેનોના વિભાગમાંથી નોંધાવી શ્રી નરનારાયણદેવ તેમજ મહારાજશ્રીનો રાજીપો મેળવેલ તેવી રીતે દરરોજ આવતા ધૂનાર્થી ભક્તોને અંતરના આશીર્વાદ આપેલ. વહેલી સવારે ઠંડીમાં પણ ભુજ શહેર તેમજ આજુબાજુના ગામડાઓના હરિભક્તો હજારોની સંખ્યામાં હાજરી આપતા હતા. ભુજ શહેરના ભાઈઓ-બહેનોની પણ સંખ્યા દિવસે દિવસે વધતી હતી. વિશાળ શ્રી નરનારાયણદેવ સભામંડપ ભરચક થઈ ગયેલ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં શ્રી નરનારાયણદેવમાં શ્રધ્ધા રાખી તેમના થઈને રહેવા જણાવેલ. આવી ઠંડીમાં હરિભક્તોની વિશાળ હાજરી જોઈને. દિવસે દિવસે સત્સંગનો મહિમા વધતો જાય છે તે જાણી તેમને આનંદ થયો હતો.

ધૂનબાદ આચાર્ય મહારાજશ્રીના હસ્તે ધૂનના યજમાનોને ભેટ તથા હાર પહેરાવી આશીર્વાદ આપવામાં આવ્યા. ત્યારબાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ.

## ભુજ મંદિર દ્વારા ગરીબોને સાહય

ભુજ મંદિરના સદૈવ વંદનીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી જરૂરિયાતમંદ ગરીબ પરિવારોમાં ગરમ બ્લેન્કેટ (ધાબડા) અને ગરમ જર્સી(જાકીટ)નું વિતરણ ભુજ મંદિરના સંતો સ્વામી ભક્તિચરણદાસજી, શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. સંગ્રામસર, કંથકોટ, આધોઈ, કીડીઆનગર, દુધઈ, ખારોઈ, ચિરોઈ આદિ ગામના તેમજ ભુજ શહેરના અંદરના અને બહારના વિસ્તારો જેવા કે રેલ-વે સ્ટેશન, એરપોર્ટ રોડ, ભુજીયાની તળેટી, મુન્દ્રા રીલોકેશન સાઈડ, રાવલવાડી વિસ્તાર, અબડાસા વિસ્તાર વગેરે સ્થળોએ ઠંડીમાં ઠુઠવાતા ગરીબ પરિવારોને કાતિલ ઠંડીથી બચાવવા માનવસેવાનું આ સદ્‌કાર્ય હાથ ધરવામાં આવેલ.

## ભુજથી છપૈયા સંતો તેમજ હરિભક્તોની પદયાત્રા

ભુજથી તા. ૧૩-૧૧-૧૩ દેવ દિવાળીના દિવસે મહંત સ્વામી તથા વડીલ સંતોના આશીર્વાદ લઈને સવારે બે સંતો સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા હરિભક્તો સાથે ભુજથી છપૈયા ૧૮૦૦ કિલો મીટરની પદયાત્રા છપૈયાધામ જવા રવાના થયેલ.

રસ્તામાં અંજાર, ભચાઉ, રાપર, ખાણગામ, જયપુર, મથુરા, ગોકુલ, વૃંદાવન, કાનપુર, લખનૌ, અયોધ્યા થઈ છપૈયા ૪૮ દિવસે પહોચેલ. રસ્તામાં સંતોએ તેમજ ગામોમાં રહેતા ભાવિક ભક્તોએ ઘણોજ સહયોગ આપ્યો હતો. રસ્તામાં કોઈ જાતનું ચોરી, લૂંટ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી કોઈને પણ તકલીફ પડેલ નથી. છપૈયા ધામ પહોંચી શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા. ત્યારબાદ ભગવાનના લીલાના સ્થળોએ દર્શન કરી ચાર દિવસ છપૈયામાં રહેલ.

છપૈયાથી પરત આવવા ગાડીમાં બેસીને તા. ૮-૧-૧૪ના સવારે ભુજ આવી પહોંચ્યા. સંતો હાર પહેરાવીને સ્વાગત કરેલ. સાંજે મહાઆરતી ધૂન તથા ઠાકરથાળી યોજવામાં આવેલ. સુખપરના યુવક મંડળના યુવાનો તથા માધાપરના વિશ્રામભાઈ શીવજી રાબડીયાએ યુવાનો સાથે ઉત્સવમાં સામેલ થયા હતા. ધૂન પછી સ.ગુ.પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદમાં જણાવેલ કે ઉત્સવ, સામૈયા થતા હોય ત્યાં પગે ચાલીને જતા હોય અને ભગવાનનું નામ લેતા જતા હોય તો અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે. આ પદયાત્રીઓ ભુજથી છપૈયા ગયા તેનું ફળ કેટલું બધું મળે તે કહી ન શકાય. ત્યારબાદ મહાઆરતી તથા ઠાકરથાળી, રાસોત્સવ બાદ પ્રસાદ વહેંચવામાં આવેલ.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## ભુજ મંદિરને ૩૧લાખ ફૂલના શણગાર

શ્રી સ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ભુજ માટે 'શ્રીજી સદન' શબ્દનું પ્રયોજન યોગ્ય જ છે. આ મંદિરમાં પોષ સુદ એકાદશીથી પોષ સુદ ૧૪ - મકરસંક્રાતિ સુધી સમગ્ર મંદિરને વિવિધ રંગી ફૂલોથી સુશોભિત કરી સૌંદર્યનું સામ્રાજ્ય સર્જવામાં આવ્યું હતું. મંદિરના પ્રાંગણમાં પ્રવેશતાં જ નજર સમક્ષ કલાત્મક કારીગરીથી કંડારેલા શ્વેત સંગેમરમરના શ્રીજી સદનને ભિન્ન ભિન્ન પ્રકારના પુષ્પોથી આચ્છાદિત જોઈને આશ્ચર્યચકિત થઈ જવાતું. મંદિરની ચોતરફ પરથાર પર રંગબેરંગી ફૂલોથી કલાત્મક રંગોળીઓ તથા સાથિયા સહેજે સૌનું ધ્યાન આકર્ષિત કરતા હતા. પુષ્પોના પમરાટથી પ્રફુલ્લિત વાતાવરણમાં પવિત્ર ભાવો સાથે હૃદયમાં અદ્‌ભુત આનંદની અનુભૂતિ થતી હતી. નિજમંદિર, સિંહાસનો, દ્વારો, સ્તંભો, કમાનો, તોરણો, દેરીઓ આદિ સર્વત્ર સુમનના નયનરમ્ય શણગારનું સામ્રાજ્ય નિરખીને આંખોમાં અચરજ અંજાઈ જતું, હૈયામાં હર્ષ હિલોડા લેતો અને ફૂલોની ફોરમથી અંતરમાં શીતળતા વ્યાપી ગયાનો અહેસાસ થતો.

શ્રી સહજાનંદ સ્વામીની કૃપા હોય, પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી તથા વડીલ સંતોની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદ હોય, બ્રહ્મનિષ્ઠ સંતોએ કર્મનિષ્ઠ ભૂમિકા ભજવી હોય અને સમર્પિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સૌ હરિભક્તોએ સ્નેહશ્રમથી સજાવટ કરી હોય ત્યારે સૌંદર્યમાં બાકી શું રહે ? આત્મજ્ઞાનનાં અજવાળાં પાથરતા જપ(જ્ઞાન)યજ્ઞના પવિત્ર ધનુર્માસમાં ભુજ ઉપરાંત ચોવીસે ગામના તેમજ વિવિધ સ્થળોના સેંકડો હરિભક્ત ભાઈ-બહેનોએ સુશોભન કર્યું હતું. ગુજરાત, રાજસ્થાન,

મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાંથી અઢારેક પ્રકારના દાઉદી, વિવિધરંગી હજારી, વિવિધરંગી ગુલાબ, વિવિધરંગી કરેણ, સૂરજમુખી, ચંપો, ચમેલી, જૂઈ, મોગરો, કમળ આદિ અગિયાર હજાર કિલો - અગિયાર ટન ફૂલોથી શ્રી નરનારાયણદેવના દરબારને દેદીપ્યમાન બનાવવા ૧૬૦૦ જેટલી સાં.યો. અને કર્મયોગી બહેનોએ ફૂલોની હારમાળાઓ તૈયાર કરી તેમાં ૧૧૦૦૦ મીટર લંબાઈ અને ૮૦ કિલો વજનના દોરાઓ, ૨ કિલો સોઈ વપરાઈ હતી. ૩૧ લાખ જેટલા કુસુમોને કલાત્મક રીતે ગોઠવીને શ્રીહરિના દિવ્ય દરબારને શણગારાયો હોય તેવો આપણા સંપ્રદાયમાં કદાચ પહેલો પ્રસંગ હતો.

ઢોલના ધીબાંગ ધીબાંગ તાલના સથવારે ધનુર્માસમાં સવારના સમયે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનનો ધ્વનિ જ્યારે હજારીના ફૂલોની હજારો હારમાળાઓ વચ્ચેથી સરસરાટ વહેતા ઠંડા પવનની પાંખ પર સવાર થઈને સુગંધ પ્રસરાવતો કર્ણપટ સુધી પહોંચતો ત્યારે હાથમાં હજારીનું ફૂલ લઈને સુગંધ માણતા ભગવત્સ્વરૂપો માનસપટ પર મઢાઈ જતા હતા. પુષ્પો તો પ્રભુને પ્યારા હતા, વહાલા હતા ! મોગરાના ફૂલની મઘમઘતી મહેકથી મહેકી ઊઠતા મનમાં 'મોગરાના ફૂલ સખી, મોગરાના ફૂલ, શ્રીજીને પ્યારા બહુ મોગરાના ફૂલ !' કીર્તન ગુંજી ઊઠતું હતું ! તેમાંય વળી 'ફૂલડે ફૂલડે મૈં નામ શ્રીજીનું લીધું' પંક્તિનું સ્મરણ થતાં એક એક ફૂલ દોરામાં પરોવતી અને શ્રીજીનું સ્મરણ કરતી સાં.યો. અને કર્મયોગી બહેનોનાં સદ્નસીબની મીઠી ઈર્ષ્યા સાથે મન ધન્યતા અનુભવતું હતું.

સત્સંગ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ સમાન છે. જેમ સિક્કાની બંને બાજુ પર અલગ અલગ છાપ હોય છે તેમ 'સત્સંગ'ની બાજુ ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને સત્ય છપાયેલા છે અને 'સંસ્કાર'ની બાજુ પર સદાચાર, સત્કાર્યસ સદ્વિચાર, સમર્પણ, સેવા અને સંત સમાગમ છપાયેલા છે.આવા સદ્ગુણોથી સંપન્ન એવા બ્રહ્મનિષ્ઠ સંતો પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજીના સૂઝસભર માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો સ્નેહશ્રમમાં શ્રધ્ધાપૂર્વક સસ્મિત વદને સમિલ્લિત થઈ ગયા. પ્રભુની પ્રસન્નતાની પ્રાપ્તિ અર્થે આ સંતો અને ૬૫૦ જેટલા યુવા હરિભક્તોએ દિવસ રાત જોયા વગર કાતિલ ઠંડીમાં ૧૮-૧૮ કલાક પૂરી લગનથી મંદિરને શણગારતા રહ્યા ત્યારે આવા 'ન ભૂતો ન ભવિષ્યતિ' ભવ્યાતિભવ્ય દિવ્ય શણગાર દર્શનનું નિર્માણ થયું ! આવા દર્શનનો લાભ નસીબદાર ભક્તોને સાંપડે છે. પુષ્પોનું પણ નસીબ કેવું ! તેમને શ્રીજીના દિવ્ય દરબારમાં સ્થાન મળ્યું ! પુષ્પને તેની ચાહના (ઈચ્છા) શી છે ? પૂછ્યું ત્યારે પુષ્પે પ્રત્યુત્તર આપ્યો કે 'ચાહ નહીં મૈં સુરબાલાકે ગહનોમેં ગૂંથા જાઉં, ચાહ યહી મૈં શ્રીજી કે ચરણોમેં સમર્પિત હો જાઉં, ભાગ્યકો ઈઠલાઉં.' અર્થાત્ કોઈ અપ્સરાના ફૂલોના આભુષણોમાં ગૂંથાઈને તેનાં સૌંદર્યને નિખારવાની મારી ઈચ્છા નથી. મારી તો માત્ર એજ ઈચ્છા છે કે શ્રીજી મહારાજના ચરણોમાં સમર્પિત થઈ જાઉં અને આવા અહોભાગ્ય માટે ગૌરવ અનુભવું. શ્રીજીનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની ફૂલોની પણ મહારાજે પૂર્ણ કરી તેમ સાચા મનથી શ્રધ્ધાસાથે સમર્પિત થઈ પ્રભુપારાયણ થઈ જાય છે તેવા હરિભક્તોની મનોકામનાઓ અંતરયામી શ્રી સ્વામિનારાયણ ભગવાન અવશ્ય પરિપૂર્ણ કરે છે. આ શણગારેલ મંદિરના મુખ્ય દ્વારનું ગામ બળદીયાના પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી હાલે ઓસ્ટ્રેલિયામાં રહેતા પરિવારે યજમાનપદ સ્વીકારી પ.પૂ. મહંત સ્વામી સાથે ઉદ્ઘાટન કર્યું હતું. આ શણગારમાં અનેક ભક્તોએ આર્થિક યોગદાન આપવા બદલ પ.પૂ. મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

- ભરતભાઈ મહેતા

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- પ.ભ. હીરજીભાઈ મેગજી હિરાણી પરિવાર, સુખપર
- પ.ભ. લાલજીભાઈ રવજી ખેતાણી, મદનપુર
- પ.ભ. અ.નિ. વાઘજીભાઈ આણંદા કેરાઈના મોક્ષાર્થે હ.ગં.સ્વ.કેશરબેન, ગોડપુર
- પ.ભ. દેવબાઈ કુંવરજી ખેતાણી હ. સાં.યો. માનબાઈ કુંવરજી ખેતાણી, સુખપર
- પ.ભ. અ.નિ. રતનબાઈ કુંવરજી વેલાણીના મોક્ષાર્થે હ. મનજીભાઈ કુંવરજી વેલાણી, મદનપુર
- પ.ભ. અ.નિ. કેશરાભાઈ વાલજી મેપાણી ધ.પ. રતનબાઈ, મદનપુર
- પ.ભ. નારણભાઈ કરશન ભડીયા ધ.પ. સુંદરબાઈ, ફોટડી
- પ.ભ. વિશ્રામભાઈ પરબત રાબડીયા પરિવાર, સરલી
- પ.ભ. નાનબાઈ રવજી વરસાણી, મદનપુર
- પ.ભ. સાં.યો. શામબાઈ રામજી કેરાઈ, નારણપર
- પ.ભ. સાં.યો. રતનબાઈ ખીમજી કેરાઈ, નારણપર
- પ.ભ. મેઘબાઈ લાલજી હાલાઈ, મેઘપર
- પ.ભ. શાન્તાબેન ભીમજી હાલાઈ, મેઘપર
- પ.ભ. કેશોદ મહિલા મંડળ હ. ચંદુભાઈ લાલજીભાઈ મકવાણા

## પોષ સુદ ૧૧ એકાદશીના દિવસે બધા દેવોના શિખર પરની ધ્વજાના યજમાનની નામાવલિ

- પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. કેશરબાઈ સુત નારણ તથા ધનજી તથા કાન્તિ પુત્રી રામબાઈ તથા વનીતા - બળદિયા હાલે સીડની (ઓસ્ટ્રેલિયા)
- પ.ભ. સહજાનંદ ગ્રુપ પ્રા.લી. મનજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. કેશરબાઈ સુત નારણ તથા ધનજી તથા કાન્તિ પુત્રી રામબાઈ તથા વનીતા- બળદિયા હાલે સીડની (ઓસ્ટ્રેલિયા) નારાણ કુંવરજી વેકરીયા એન્ડ સન્સ, નરેન્દ્ર અને હર્ષદ વેકરીયા સહપરિવાર નારણપર
- પ.ભ. કેશરાભાઈ કાનજી વાગજીયાણી ધ.પ. અમરબાઈ સુત કલ્યાણ તથા રવજી સહપરિવાર - નારણપર હાલે સીડની ઓસ્ટ્રેલિયા
- પ.ભ. વિશ્રામભાઈ પરબત રાબડીયા સહપરિવાર- સરલી
- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મોહનલાલ કરસન ગોગારી - ઘડાની
- પ.ભ. પંકજભાઈ ઉમિયાશંકર ઓઝા - ધ્રાંગધ્રા હાલે જામનગર
- પ.ભ. અ.નિ. માવજીભાઈ હરજી પાઘરા હ. રામજીભાઈ માવજી પાઘરા - સુખપર
- પ.ભ. ગાંગજીભાઈ હરજી ગોરસીયા - સુખપર
- પ.ભ. કોટેશ્વર રોડલાઈન્સ હ. ધીરજભાઈ જાદવા કેરાઈ - નારણપર હાલે કેન્યા
- પ.ભ. કાંતાબેન સામજી પિંડોરીયા હ. સામજીભાઈ નારણ પિંડોરીયા - વેકરા
- પ.ભ. શંકરલાલ વિશ્રામભાઈ ઠક્કર પરિવાર નેત્રાવાળા હ. હર્ષદભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. ધીરજલાલ લાલજી ભુડીયા - ફોટડી
- પ.ભ. શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે હિરાલાલ લક્ષ્મણ ખેતાણી - મદનપર
- પ.ભ. મુરજીભાઈ દેવજીભાઈ વેકરીયા સહપરિવાર - બળદિયા
- પ.ભ. રમેશભાઈ શીવજી હિરાણી - સુરજપર
- પ.ભ. હંસાબેન વિનોદ વરસાણી - સામત્રા હ. વિનોદ કેશરા વરસાણી
- પ.ભ. જશુબેન વિનોદ હિરાણી હ. લક્ષ્મણ રામજી વેકરીયા
- પ.ભ. કાર્તિકભાઈ એન.પટેલ - વલસાડ

- પ.ભ. કરસનભાઈ ધનજીભાઈ ચૌહાણ - આમારા
- પ.ભ. ધનજીભાઈ પરબત વેકરીયા - બળદિયા હ.મનજી લાલજી જેસાણી
- પ.ભ. નાનજીભાઈ કાનજી કેરાઈ - માંડવી
- પ.ભ. સાં.યો. દેવીબેન ધનજી ગોગારી હ. કિશનભાઈ ધનજીભાઈ ગોગારી - ઘડાની
- પ.ભ. સાં.યો. વનિતાબેન કલ્યાણ વેકરીયા - બળદિયા ની.વાસ હ.રામજીભાઈ જેસાણી
- પ.ભ. શ્રી સહજાનંદ કોમ્પ્યુટર એન્ડ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ હ. મનજીભાઈ રવજી હાલાઈ - માંડવી
- પ.ભ. દિક્ષિતભાઈ વિનોદ વરસાણી - ભક્તિનગરવાળા
- પ.ભ. કાન્તિભાઈ મનજી ભંડેરી - વેકરા
- પ.ભ. અ.નિ. રામજીભાઈ આંબા ગોંડલીયા, અ.નિ. નાનબાઈ રામજી હ. ગોવિંદ મૂરજી ગોંડલીયા - મીરજાપર
- પ.ભ. રમીલાબેન ગોપાલ કેરાઈ - નારણપર
- પ.ભ. વલ્લભભાઈ મેઘજીભાઈ રૈયાણી - માધાપર
- પ.ભ. હર્ષભાઈ હરીશ તથા દેવ હરીશ ખેતાણી - સુખપર હ.પ્રેમજી લાલજી
- પ.ભ. અરજણભાઈ ધનજીભાઈ વેકરીયા, ધ.પ. કમળાબેન અરજણ, અ.નિ. ભાવિન અરજણ, દિલન અરજણ - સુખપર
- પ.ભ.ગં.સ્વ. રાધાબાઈ લાલજી વરસાણી, ગં.સ્વ. પ્રેમબાઈ ધનજી વરસાણી
- પ.ભ. દેવજીભાઈ રવજી હિરાણી - પિયાવા (માંડવી)
- પ.ભ. વીરબાઈ લાલજી વેકરીયા - માંડવીવાળા
- પ.ભ. શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે સાં.યો. પુરબાઈ - માધાપર
- પ.ભ. વનીતાબેન વિનોદ રવજી વરસાણી પુત્ર મયુર પુત્રી પાયલ - સામત્રા
- પ.ભ. કાનજીભાઈ મુરજી પિંડોરીયા ધ.પ. જશુબેન સુત પ્રવિણ અને હર્ષિલ તથા પુત્રી ચંપા - માધાપર
- પ.ભ.સાં.યો.રાધાબાઈ હરજી હાલાઈ - સુખપર
- પ.ભ. અ.નિ. તદ્રુપદાસજી સ્વામીની સ્મૃતિમાં સાં.યો. વીરબાઈ ગોપાલ હિરાણી - સુખપર
- પ.ભ. રવજીભાઈ કરસન વરસાણી - માધાપર હ.પુરબાઈ રવજી
- પ.ભ. યોગેશભાઈ અર્જુનભાઈ પટેલ - સામત્રા હાલે ભુજ
- પ.ભ. મનજીભાઈ કાનજી ભુડીયા - નરનારાયણનગર
- પ.ભ.જમનાબેન નીલેશ વરસાણી - સામત્રા
- પ.ભ. સાં.યો. અમૃતબેન મનજી હાલાઈની પ્રેરણાથી હ.નીતિનભાઈ - સુખપર
- પ.ભ. પ્રકાશભાઈ રવજી જેસાણી તથા રમેશ રવજી - દહીંસરા
- પ.ભ.કાન્તિભાઈ મનજી કેરાઈ - માંડવી
- પ.ભ.દેવરાજભાઈ લાલજી રાઘવાણી - મેઘપર
- પ.ભ.હર્ષદભાઈ દેવશી ભુડીયા - માધાપર
- પ.ભ. અ.નિ. સૂરજબેન પરસોતમદાસના મોક્ષાર્થે હ.ગોવિંદભાઈ - ઉંઝા
- પ.ભ.દક્ષાબેન મણીલાલ ઠક્કર - ભુજ
- પ.ભ. સાં.યો. શાંતિબાઈ કલ્યાણ ગોંડલીયા - મીરજાપર
- પ.ભ. પ્રવીણભાઈ સુરેશભાઈ વેકરીયા - માધાપર
- પ.ભ.અનુજભાઈ રમેશ રાજાણી - રામપર હાલે સીડની
- પ.ભ. કુંવરજીભાઈ વેલજી હાલાઈ ધ.પ. કેશરબાઈ - મીરજાપર
- પ.ભ. પંકજભાઈ ઉમિયાશંકર ઓઝા - ધ્રાંગધ્રા હાલે જામનગર
- પ.ભ.શારદાબેન પરસોતમ પટેલ હ.રસીકભાઈ - મહેસાણા
- પ.ભ. ગં.સ્વ. અમરબાઈ રતના ગોરસીયા - સુખપર હ.માવજી રત્ના ગોરસીયા
- પ.ભ. ભાવનાબેન પંકજભાઈ સોની હ. કલ્પેશભાઈ સોની

# પારસમણિનો સ્પર્શ

ગોર કૃપા પ્રકાશભાઈ - ભુજ

વ્હાલા વાચક મિત્રોને જય શ્રી સ્વામિનારાયણ ! તમે આ ધર્મસંદેશમાં આવતા તમામ લેખો વાંચો છો અને તેમાંથી વિવિધ પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે. એવો જ એક પ્રેરણાત્મક પ્રસંગ.

એક મોટા સંત મહાત્મા હતા. તેમની પાસે પારસમણિ હતો. મહાત્મા નિઃસ્પૃહી, ત્યાગી અને કશીય તમન્ના (ઈચ્છા) વગરના હતા. તેમની પાસે પારસમણિ છે તે વાતની એક નગર શેઠને ખબર પડી. નગરશેઠ પૂરા ભક્તિભાવથી એ સંત મહાત્માની સેવા કરવા લાગ્યા. મહાત્માજી તેની સેવા ચાકરીથી પ્રસન્ન થઈ ગયા. મહાત્માજી કહે : બોલ, તારે શું જોઈએ છે ? નગરશેઠને તક મળતાં જ પારસમણિ માગી લીધો. સંત મહાત્મા કહે, સામે એક ડબી છે તે લઈ આવ. તેની અંદર પારસમણિ છે. નગરશેઠ ડબી લઈ આવ્યા. પણ આશ્ચર્ય થયું. કારણ ડબી લોઢાની હતી. જો પારસમણિ લોઢાને સ્પર્શ થાય તો લોઢું પણ સોનું બની જાય, આતો લોઢું જ રહ્યું છે. આમ વિચારવમળમાં અટવાટા શેઠે એ ડબી સંતના હાથમાં મૂકી, સંતે ડબી ખોલી, અંદરથી ચીંથરે વીંટરાયેલો પારસમણિ કાઢ્યો. ચીંથરા દૂર થતાં જ પારસમણીનો સ્પર્શ ડબીને થયોને ડબી સોનાની બની ગઈ.

શેઠના મનના ભાવો સંત સમજી ગયા તેથી કહ્યું જ્યાં સુધી તમારી અને ગુરુ વચ્ચે, તમારી અને ઈશ્વર વચ્ચે, આવા ચીંથરારૂપી મોહમાયાનું અંતર છે, ત્યાં સુધી સો ટચના સોના જેવું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. સંતે પારસમણિ શેઠને આપ્યો ત્યારે શેઠના ભાવો બદલાઈ ગયા હતા. સંતને મન પારસમણિ પથ્થર સમાન હતો એટલે તો તે સહેલાઈથી આપી દે છે. સંત પાસે આનાથી વધારે ઉત્તમ વસ્તુ કોઈ હોવી જોઈએ એવો વિચાર કરતાં અંદરનું પ્રકાશનું કિરણ ફૂટ્યું. અને શેઠે વંદન કરીને કહ્યું , મહાત્માજી મારે હવે આ ન જોઈએ. છે મુક્તિનો માર્ગ ભૂલ થઈ કે જ્યાં કુબેર ભંડારી બેઠો છે ત્યાં મેં એક પથરાની માગણી કરી. માહાત્માજી હટાવી દો એ ચીંથરારૂપી મોહમાયાના જાળ અને બતાવો એ આનંદ ભર્યો મોક્ષનો માર્ગ. ભક્તો આપણે પણ જીવનમાં ભગવાનની ભક્તિ, ભજન કરવામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા, મત્સર, ઈર્ષ્યા જેવા શત્રુઓ વિવિધ માયા સ્વરૂપે આવે છે. અને આપણને તેમ કરતાં અટકાવે છે. તો આપણે આ મોહમાયા રૂપી જાળમાં ન ફસાઈ જાઈએ તેવો સતત ખટકો રાખવો તોજ પ્રભુ આપણા પર પ્રસન્ન થશે.

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત સર્વે પિતૃઓના મોક્ષાર્થે સમૂહ ૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવ

**સં. ૨૦૭૦, ચૈત્ર સુદ-૪, ગરુવાર, તા. ૩-૪-૨૦૧૪ થી ચૈત્ર સુદ-૧૦, બુધવાર, તા. ૯-૪-૨૦૧૪**

**નારાયણ યજ્ઞ સં. ૨૦૭૦ ચૈત્ર સુદ-૧૦ ગુરુવાર તા. ૧૦-૪-૨૦૧૪**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરણાથી આગામી તા. ૩-૪-૨૦૧૪ થી તા. ૯-૪-૨૦૧૪ સુધી સમૂહ ૧૦૮ શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સાથે નારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવા ઈચ્છતા ભક્તોએ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા વિનંતી. સંપર્ક - ૦૨૮૩૨ ૨૫૦૨૩૧, ૩૩૧

**● એક પોથીના રૂા. ૨૧,૦૦૦ /- રાખેલ છે. ● પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. પત્રિકામાં ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે. ● સંહીતા પાઠમાં વ્યક્તિગત એક પોથી ઉપર એક બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧પ્રખર વિદ્વાન બ્રાહ્મણ દ્વારા સંહીતા પાઠ વાંચવામાં આવશે.**

અહેવાલ :- કોઠારી સ્વામી

# સત્સંગ સમાચાર

## માંડવી - ધનુર્માસ અંતર્ગત અનેરા ઉત્સવોની ઉજવણી

માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની પરમકૃપાથી ધનુર્માસ અંતર્ગત વિવિધ ઉત્સવોની ઉજવણી કરાઈ હતી. ધનુર્માસમાં માંડવી મંદિરમાં સંગીતની સુરાવલીઓ સાથે પ્રાતઃકાળમાં પ્રભુનામ સ્મરણની ધૂનના નાદથી નૃત્ય કરતા સંતો-ભક્તોના હૈયામાં અનેરો આનંદ અને ઉત્સાહ હતો. માંડવી વિસ્તારના તમામ યુવક મંડળો તેમજ મહિલા મંડળોએ પ્રતિદિન પોતાના ક્રમ પ્રમાણે ધૂનની રમઝટ બોલાવી હતી. રાસોત્સવ, નિત્ય નવીન પ્રસાદ, ધૂનની રમઝટ, સંતોના આશીર્વચનથી હરિભક્તો કૃતાર્થ થયા હતા. પ્રતિદિનના યજમાનપદે રહી સહયોગ યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ધનુર્માસ અંતર્ગત વિવિધ ઉત્સવો અંતર્ગત બે વખત પૂજ્ય મહારાજશ્રીએ ઉપસ્થિત રહી દર્શન આશીર્વચન પાઠવ્યા હતા.

**કથા પારાયણો :** તા. ૨૨-૧૨-૨૦૧૩ થી તા. ૨૬-૧૨-૨૦૧૩ સુધી માંડવીના નારણભાઈ વાલજી હાલાઈ ધ.પ. ધનબાઈ સુત કાન્તિભાઈ પૌત્ર હરિશ તથા અવનિશ સહપરિવારના યજમાન પદે ભક્તચિંતામણી અંતર્ગત પરચા પ્રકરણ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૭-૧૨-૨૦૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩ સુધી માંડવીના કાનબાઈ લક્ષ્મણ વેકરીયા હસ્તે માંડવીના મહંત સાં.યો. રતનબેન લક્ષ્મણ માવજી વેકરીયાના યજમાનપદે સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧-૧-૨૦૧૪ થી તા. ૫-૧-૨૦૧૪ સુધી રામપર વેકરાના અ.નિ. સામજીભાઈ વિશ્રામ કારા ગં.સ્વ. વાલબાઈ સામજી કારા અ.નિ. શીવજીભાઈ શામજી કારા, લાલજી રવજી વેકરીયા સહપરિવાર હસ્તે કાનજીભાઈ માવજી હાલાઈના યજમાનપદે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૮-૧-૨૦૧૪ થી તા. ૧૨-૧-૨૦૧૪ સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે ગોડપરના અ.નિ. સાં.યો. અમરબાઈની પુણ્યસ્મૃતિમાં હસ્તે માંડવી મંદિરના મહંત સાં.યો. રતનબાઈ, ઉપમહંત સાં.યો. કાનબાઈ તથા સાં.યો. મોટા મેઘબાઈ, સાં.યો. નાના મેઘબાઈના યજમાનપદે પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાના વક્તા શા. સ્વામી નારાયણપ્રિયદાસજી રહ્યા હતા. ધ્યાન ચિંતામણી વંદુ સહજાનંદ રસરૂપનું પંચાહ્ન પારાયણ કરી ભક્તોને સહજાનંદ સ્વામીમાં મગ્ન કર્યા હતા.

ધનુર્માસ અંતર્ગત આ સમસ્ત કથાઓના વક્તાપદે શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી રહ્યા હતા. બન્ને વક્તાશ્રીઓએ પોતાની સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવી શ્રોતાઓને રાજી કર્યા હતા.

તા. ૧૫-૧-૨૦૧૪ ના શિરવાના પ.ભ. અ.નિ. વિમલકુમાર કરસન વેકરીયાના સ્મરણ નિમિત્તે શિરવાના કરસનભાઈ દેવજી વેકરીયા પરિવાર પંચાહ્ન પારાયણમાં સત્સંગિજીવન પ્રકરણ રની સરલભાષામાં કથા શ્રવણ કરાવી ભક્ત સમુદાયને આનંદિત કર્યા હતા.

**શાકોત્સવ તથા સભામંડપ નામકરણ :** ધનુર્માસ અંતર્ગત શાકોત્સવનું

આયોજન થયું હતું. આ દિવ્ય પ્રસંગે અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત સદ્. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સદ્.પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સદ્.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ્વામી પ્રભુચરણદાસજી. સ્વામી અક્ષરવલ્લભદાસજી, ભુજ મંદિરના કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી, પૂ. સ્વામી સનાતનદાસજી, પૂ. સ્વામી મુકુંદજીવનદાસજી આદિક વડીલ સંતો તથા કચ્છ ચોવીસીમાંથી ગામેગામના હરિભક્તો, ટ્રસ્ટીઓ વગેરે પધાર્યા હતા.

પ્રાતઃકાળમાં ધૂનબાદ વ્યાસાસને શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી વક્તાપદે આરૂઢ થઈ રસતરબોળ શૈલીમાં શાકોત્સવ કથાનું રસપાન કરાવ્યું હતું. જે અંતર્ગત આચાર્ય મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી, માંડવી મંદિરના મહંત સ્વામી તથા અન્ય વડીસ સંતોના હસ્તે શાકનો વઘાર કરવામાં આવ્યો હતો. 'વળી વખાણું શાકોત્સવ લીલા કરી'એ પંક્તિનું ગાન કરી મહારાજ સમકાલીન શાકોત્સવનું તાદૃશ દર્શન ભક્તોએ કરી આનંદની અનુભૂતિ કરી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજના આશીર્વચન મેળવી સૌ ભક્તો કૃતાર્થ થયા હતા. કચ્છનો સત્સંગ અને સત્સંગીની ખુમારી તથા અવનવા સામાજિક, ધાર્મિક કાર્યોની સક્રિયતાને મહારાજશ્રીએ બિરદાવી હતી. સાથે-સાથે સત્સંગમાં કચાશ ન રહે તે માટે સાવધાન રહેવાની મીઠી ટકોર પણ કરી હતી. મંદિરના વિશાળ પટ્ટાંગણની ઉત્તરબાજુએ સત્સંગની કથા-વાર્તા તેમજ અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓના આયોજન હેતુ વિશાળ સભામંડપનું નિર્માણ કાર્ય ચાલુ છે. તે સભામંડપનું નામકરણ મહારાજશ્રી દ્વારા 'શ્રી સહજાનંદ સભામંડપ' એવું કરાયું હતું. આ નામકરણને સંતો-ભક્તોએ તાલીનાદથી વધાવી લીધુ હતું. આ શ્રી સહજાનંદ સભામંડપના નિર્માણ હેતુ જે-જે ભક્તોએ આર્થિક સહયોગ આપ્યો છે તેવા ભક્તોનું બહુમાન મહારાજશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. તે જ દિવસે જાહેરમાં આર્થિક સહયોગના સંતોના પ્રસ્તાવને હરિભક્તોએ સાથ આપી આર્થિક સેવાની સરવાણી વહેવડાવી હતી તેવા ભક્તોનું પણ બહુમાન મહારાજશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીના આશીર્વચનો અંતરમાં ઉતારી સૌ ભક્તો પ્રભુ પ્રસાદ લેવા છૂટા પડ્યા હતા.

આ શાકોત્સવના યજમાનપદે માંડવી હાલે લંડન વુલ્વીચના પિતાશ્રી અ.નિ. વીરજીભાઈ વાઘજી પિંડોરીયા માતુશ્રી અ.નિ. રાધાબાઈ વીરજી પિંડોરીયા સુપુત્ર અ.નિ. પ્રફુલ્લભાઈ વેલજી પિંડોરીયા, વેલજી વીરજી પિંડોરીયા ધ.પ. શામબાઈ, પ્રકાશ વેલજી પિંડોરીયા ધ.પ. હીનાબેન, કેયન પ્રકાશ પિંડોરીયા, ઢીયા પ્રકાશ પિંડોરીયા સસરા અ.નિ. કરસન કેશરા ભુડીયા સાસુ અ.નિ. વાલબાઈ કરસન ભુડીયા રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું.

ધનુર્માસના અંતિમ દિને મહાઆરતીનો લાભ સૌ ભક્તોએ લીધો હતો. મકરસંક્રાંતિના પુણ્યકાળ નિમિત્તે સમગ્ર મંદિર પતંગોથી શણગારવામાં આવ્યું હતું. આ રીતે ભવ્યાતિભવ્ય રીતે ધનુર્માસની સમાપ્તિ કરવામાં આવી હતી.

માંડવી મંદિરના મહંત સ.ગુ. પુ.સ્વામી ધર્મવલ્લભદાસજી તથા વડીલ સદ્.પુ. સ્વામી પ્રભુચરણદાસજીની પ્રેરણા અને કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉત્સવોનું સફળ આયોજન યુવાન સંતોમાં સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તેમજ અન્ય સંતો, સાં.યો. બહેનો, યુવક મંડળના યુવાનો તથા મહિલા મંડળની બહેનોની સેવાથી થયું હતું. ધનુર્માસના સમગ્ર કાર્યક્રમનું સભાસંચાલન શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી

## ધનુર્માસની ઉજવણી-હિરાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર હિરાપર મધ્યે આપણા સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર ધનુર્માસની ઉજવણી કરવામાં આવી. સાં.યો. રતનબહેનની પ્રેરણાથી કર્મયોગી બહેનો તથા યુવતી મંડળ. બાલ-બાલીકાઓ ખૂબ જ મોટી સંખ્યામાં અનેક ભક્તો ધનુર્માસની ધૂનમાં વહેલી સવારે સૌ ઉપસ્થિત રહીને વિશેષને વિશેષ ભગવાનનું ભજન, ધૂન, કીર્તન સંગીતના સથવારે નામ સ્મરણ ઉચ્ચાર કરવાનું અવસરને ઝીલીને શ્રીહરિનો રાજીપો મેળવી લીધો હતો. તો અનેક ભક્તો એ પ્રસાદની વ્યવસ્થા કરીને સેવાનો લાભ લીધો હતો.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર - હિરાપર

## સરદાર પટેલ નગર (ભુજ) શાકોત્સવ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ અન્ય સંતોના આશીર્વાદથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મંગળવાર તા. ૧૪-૧-૧૪ને મકરસક્રાંતિના રોજે 'શાકોત્સવ' ધામધૂમથી ઉજવાઈ ગયો જેમાં તમામ બહેનોએ ખૂબ ખંતથી સેવાઓ આપીને બાજરાના રોટલા અને વૈંતાકનું શાક બનાવીને ઠાકોરજીને પ્રસાદ ધરાવીને સૌ સત્સંગીઓએ રાત્રે ૮:૦૦ વાગ્યે પ્રસાદરૂપી સમૂહભોજન લઈને ઉત્સવની ઉજવણી કરેલ હતી.

અહેવાલ :- લાલજી વાલજી હિરાણી

## બાલ મંડળ દર્શન પ્રવાસ ચંદ્રનગર (ખોખરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ચંદ્રનગર (ખોખરા) સત્સંગ પ્રવૃત્તિ અર્થે શ્રી ઘનશ્યામ બાલમંડળ તથા બાલિકા મંડળ પ્રસાદી સ્થળોના દર્શન અર્થે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું જેમાં, દુધઈ, ધમડકા, ચાંદ્રાણી આદિક પ્રસાદિના સ્થળોના દર્શન સાથે મહિમા સહિત બાળકોને ભગવાને કરેલી લીલાનું વર્ણન સાથે દર્શનનો લાભ અપાવ્યો. સાથે દુધઈ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું સાં.યો. બહેનો દ્વારા બાળકોને સત્સંગનો અનેરો લાભ મળ્યો હતો. સાથે પ્રોત્સાહન ઈનામો તથા પ્રસાદનો લાભ આપીને બાળકોને રાજી કર્યા હતા.

વાહનની સેવા પ.ભ. શંભુલાલ આહીરે આપી હતી. ઉપસ્થિત ભક્તો વેસુભા વાઘેલા તેમજ જબુભાઈ આહિરે સૌની સેવા બિરદાવી હતી.

**-: સત્સંગ સભા :-**

શ્રી સ્વામિનારાયણ મંદિર ચંદ્રનગર (ખોખરા) મધ્યે ચાલતી સત્સંગ પ્રવૃત્તિ તથા નૂતન નિર્માણ થતું શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપલક્ષમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાં.યો. નિતાબેન, અનિતાબેનના શિષ્ય મંડળના સાં.યો. બહેનો દ્વારા સત્સંગ સભા યોજીને બહેનો તથા બાલિકાઓને સત્સંગની રીત તથા ભગવાન અને સંત-શાસ્ત્રનો મહિમા સમજાવ્યો હતો. પ્રસાદના યજમાનશ્રી ગવુભા જાડેજા પરિવાર રહ્યા હતા. આયોજન મહિલા મંડળ વતી કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર

## ભુજ રાવલવાડી રીલોકેસન સાઈડ મંદિરે શાકોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર રાવલવાડી રીલોકેસન સાઈડ રોટરી નગર મધ્યે દરવર્ષની જેમ ધનુર્માસ ધૂન ઉત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. તા. ૧૬-૧-૨૦૧૪ના રોજ શાકોત્સવ કરવામાં આવ્યો હતો. તેના મુખ્ય યજમાન તરીકે ભુજ બહેનોના મંદિરના મહંત સાંખ્યયોગી શામબાઈ ફઈ રહ્યા હતા. પોષ સુદ બીજના તા. ૩-૧-૨૦૧૪ના રોજ ૯(નવમાં) વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો તેનો સર્વ હરિભક્તોએ લાભ લીધો હતો.

અહેવાલ :- તેજસ વી. ગોર

માતા શત્રુ પિતા વૈરી યેન, બાલો ન પાઠિતઃ ।
ન શોભતે સભા મધ્યે હંસ મધ્યે બકો યથા ॥

જે પોતાના બાળકોને અભ્યાસ કરાવતા નથી એ માતા પિતા તથા ગુરુજન પણ શત્રુ સમાન છે. જે રીતે હંસની સભામાં બગલો શોભતો નથી તેવી રીતે અશિક્ષિત પુરુષ વિદ્વાન લોકોની સભામાં શોભતો નથી.

શ્રી સ્વામિનારાયણ ભુજ મંદિર દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન આ બંને સંસ્થાઓની સ્થાપના કરવાનો ઉદ્દેશ સાર્વજનિક રીતે સંપ્રદાયની મર્યાદાઓ નીતિ નિયમોનું પાલન થાય, તેનું જતન થાય તેમજ શૈશવ કાળથી બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય, નૈતિક કેળવણીની સાથે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય અંગેના પાઠો શીખે. ધાર્મિક તથા સમાજસેવાના રાષ્ટ્રસેવાના કાર્યોમાં પ્રેરિત થાય આવો અભિગમ રાખવામાં આવેલ હતો.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનની આજથી ૭૦વર્ષ પહેલાં તત્કાલિન મહંતશ્રી શ્રીવલ્લભદાસજી સ્વામી, વડીલ સંતો હરિભક્તોના દૃઢ મનોબળ થકી ભુજ જૂના-પ્રસાદી મંદિરેથી ફૂલવાડી જતાં માર્ગમાં પંચહટડી ચોક પાસે આવેલ સુમરાવાડીની જગ્યાના પટાંગણમાં સ્થાપના થયેલ હતી. તે મકાન સાદું નળિયાવાળું હતું. તે વિદ્યાર્થી ભવનમાં રહેતા વિદ્યાર્થીઓ પાસે દૈનિક ૧/- રૂપિયો ટોકન ફી લેવાતી. તેમાં ઘણા વિદ્યાર્થીઓ દૈનિક ૫૦ પૈસા આપીને અભ્યાસ કરતા હતા. આ ચાર્જમાં વિદ્યાર્થીઓની રહેવાની, જમવાની અને વિદ્યાઅભ્યાસની તમામ સગવડો સચવાતી હતી. જે વિદ્યાર્થીઓ ફી ભરવા અસમર્થ હોય તેવા વિદ્યાર્થીઓને ફી માફી આપવામાં આવેલ હતી. દરિયાદિલ કૃપાવંત ભુજ મંદિરના સંતોની અમીદૃષ્ટિ થકી શિક્ષણ દ્વારા જ્ઞાનયજ્ઞની શરૂઆત થઈ હતી. જેમાં દાતાઓનો ઉમદા સહકાર રહ્યો હતો. શરૂઆતમાં ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એમાંનો એક હું હતો, જેનું મને ગૌરવ છે.

પંચહટડી મુકામે વિદ્યાર્થી ભવન સાંકડું પડતાં નવા ભવનનું નિર્માણ ૧૯૬૧ની સાલમાં અત્યારે નૂતન મંદિર આવેલ છે તેના પ્રાંગણમાં કરવામાં આવેલ. શિક્ષણની માંગ વધતાં તા. ૧૫-૧૨-૧૯૬૧ના દિવસે તત્કાલિન મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહરદાસજી, કોઠારી પાર્ષદ શામજી ભગત, કોઠારીશ્રી હરિરામભાઈ આદિ હરિભક્તોના સહયોગથી સંકુલનું ખાતમુહૂર્ત-પાયાવિધિ કરવામાં આવી.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનો શુભારંભ ૧૯૬૩ની સાલમાં થયો. આઠ રૂમો ધરાવતી આ શાળામાં પ્રથમ વર્ષે ૨૪ વિદ્યાર્થીઓએ અભ્યાસના શ્રી ગણેશ કર્યા. વર્ષે વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ. સંકુલ નાનું પડવા લાગ્યું. વિદ્યાર્થીભવન અને વિદ્યાલયના શિક્ષણની ઉચ્ચ ગુણવત્તાને કારણે પ્રવેશનો ધસારો થવા લાગ્યો. સંકુલ વિશાળ કરવું આવશ્યક હતું. પરંતુ આર્થિક મુશ્કેલી તેમજ અનેક વિટંબણાઓ હતી. તે સમયે ભુજમાં માધ્યામિક શિક્ષણ માટે માત્ર એક જ સરકારી માધ્યમિક શાળા ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ હતી. શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના પ્રારંભથી માધ્યમિક શિક્ષણની સગવડ વધતાં ભુજ શહેરના તેમજ નજીકના ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે તેમજ વિદ્યાર્થીભવનમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આ શાળા આશીર્વાદરૂપ થઈ અને સંસ્કારયુક્ત શિક્ષણનો પ્રારંભ થયો.

સંકુલ નાનું હોવાને કારણે હકિભક્તોના બાળકો પ્રવેશથી વંચિત રહી જાય, મનમાં દુભાય-કચવાટ અનુભવે તે દયાળુ દિલના સંતોને ગમ્યું નહીં. સંતોની ઉદારતા જોઈ સંતોની કૃપાદૃષ્ટિ થતાં દેશ-વિદેશના હરિભક્તો ખુશ થયા. સંકુલ

વિસ્તારવાનો નિર્ણય લેવામાં આવતાં નૈરોબી, કંપાલા આફ્રિકામાંથી ભક્તોએ દાનનો પ્રવાહ વહેવડાયો. તે વખતે અંજાર વિભાગના મિસ્ત્રી હરિભક્તોએ પણ દાનની ગંગા વહેતી કરી. જેમાં જેરામભાઈ રામજી, મનજીભાઈ ગોવામલ આદિ પરિવારે સંત-વચને સત્સંગીઓના બાળકો સંસ્કારયુક્ત બને અને વિદ્યાપ્રાપ્ત કરે તે માટે પૂરતો સહકાર આપ્યો.

મોંઘવારી, દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પણ દીર્ઘદૃષ્ટા દયાળુ સંતોના દિલમાં વિદ્યાર્થીઓ પ્રત્યે સદા અમીદૃષ્ટિનો સુકાળ જ રહ્યો. દેશ-વિદેશના હરિભક્તોએ વિદ્યા માટે દાનની સરવાણી ચાલુ રાખી. અને તેથી અનેક સુખિયા થયા. આવા વિશાળ દૃષ્ટિવાળા અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડવૈયા દરિયાદિલના સંતોને કોટિ કોટિ વંદન.

અહેવાલ :- જનકભાઈ ભટ્ટ

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજના સુવર્ણ જયંતી મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ ઉમંગભેર યોજાયો

આપણી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ તેના સુવર્ણ જયંતી મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ તા.૧-૧-૧૪ના શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીના અધ્યક્ષસ્થાને દબદબાભેર યોજાયો હતો. જેમાં સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુક્તદાસજી તથા સ્વામી ભક્તિનંદનદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં શ્રેયસ પઢારિયા દ્વારા સરસ્વતી વંદના બાદ દીપપ્રાગટ્ય કરી સંતો, કેળવણી મંડળ તથા વિદ્યાર્થી ભવનના હોદેદારોએ મહોત્સવને વિધિવત્ ખુલ્લો મૂક્યો હતો. મહેમાનોને આવકાર અને પ્રસંગપરિચય આપતાં શાળાના આચાર્યશ્રી એમ. એ. સુથારે સમગ્રવર્ષ દરમ્યાન થનાર શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ રમતગમત પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. આ શાળા સહિત શહેરની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને પણ સાંકળવામાં આવશે તેમ તેઓએ જણાવેલ.

કેળવણી મંડળના ઉપપ્રમુખ અને આ શાળાના પૂર્વઆચાર્યશ્રી જનકરાય ભટ્ટે શાળાની સ્થાપના સમયના સંસ્મરણો વાગોળતાં તેની પ્રગતિનો ઈતિહાસ સિલસિલેવાર અને સદૃષ્ટાંત રજૂ કર્યો હતો. આશીર્વચનો આપતા શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ દીવાની જ્યોતની જેમ સૌને પોતાનું જીવન ઉન્નત બનાવવા તેમજ નૈતિક મૂલ્યોનું રક્ષણ કરતાં શિક્ષણનું મહત્ત્વ સ્થાપવા શીખ આપી હતી.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના વિશાળ હોલમાં યોજાયેલ આ સમારોહમાં કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ એમ. શિયાણીએ ભુજ મંદિરના મહંત પૂજ્ય પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના સુવર્ણ જયંતી સંદર્ભે મળતા સહયોગની વાત કરી હતી.

આ સમારોહમાં સહમંત્રીશ્રી લાલજીભાઈ રાબડીયા, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થીભવન ભુજના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુડીયા, મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ, ટ્રસ્ટીઓ સર્વે શ્રી જગદીશભાઈ વાઘાણી, લાલજીભાઈ રૂપાલીયા, લાલજીભાઈ વરસાણી, વિજ્ઞાનપ્રવાહના આચાર્યશ્રી નિષધ મહેતા સહિત અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્વરચિત શાળાગૌરવગીત શિક્ષકશ્રી દિલીપભાઈ ભટ્ટે રજૂ કરતાં આનંદની લહેર ફરી વળી હતી. સતત બે કલાક ઉત્સાહભેર ચાલેલા આ કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષકશ્રી હિતેશભાઈ વ્યાસે જ્યારે સંવેદનાભર્યું આભારદર્શન શિક્ષકશ્રી કાન્તિલાલ કોઠડિયાએ કાવ્ય પંક્તિઓ સાથે કર્યું હતું.

કાર્યક્રમનાં આયોજન અને વ્યવસ્થામાં શિક્ષકો સહિત સમગ્ર સ્ટાફે સહયોગ આપ્યો હતો.

અહેવાલ :- આચાર્ય શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ-કચ્છ

## શાકોત્સવ - આધોઈ

ગામ આધોઈ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંવત ૨૦૭૦ના પોષ સુદ ૭, મંગળવાર, તા. ૭-૧-૨૦૧૪ના રોજે શાકોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધેલે.

સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા કોઠારી સ્વામી ભગવતજીવનદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી નારાણમુનિદાસજી આદિ સંત મંડળની આજ્ઞાથી ગામ આધોઈના સમસ્ત હરિભક્તો તથા શાકોત્સવના દાતા ગોપાલભાઈ લાલજી વેકરીયા પરિવાર તરફથી ગામ રામપર હાલે કેન્યા/નૈરોબી તથા રતનાભાઈ દેવશી કેરાઈ આદિ પરિવાર નારણપરસ ની.વાસ તથા રમેશભાઈ નારણ વેકરીયા આદિ પરિવાર, નારાણપર ની.વાસ. આદિના યજમાન પદે શાકોત્સવની ઉજવણી કરવામાં આવી.

આ શાકોત્સવ પ્રસંગે ભુજથી સંતો પધારેલ. તથા સાંખ્યયોગી બહેનો પણ પધારેલ અને રૂડા આશીર્વાદ પાઠવી રાજીપો વ્યક્ત કરેલ.

અહેવાલ :- રમેશભાઈ

## ધનુર્માસ - રાપર

પવિત્ર ધનુર્માસ નિમિત્તે તા. ૧૬-૧૨-૧૩થી ૧૪-૧-૧૪ સુધી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરાયું. તેમાં તા. ૯-૧-૧૪ના ભુજ મંદિરથી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી દેવનંદનદાસજી પધાર્યા હતા. તેમજ તા. ૧૦-૧-૧૪ના ભુજ મંદિરથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી આદિ સંતો પધારી સૌ સત્સંગીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

કડકડતી ઠંડીમાં આબાલ વૃધ્ધો, યુવાનો, બાળકોએ ધૂનની રમઝટ બોલાવી હતી. તેમજ રોજરોજ ભક્તો ધૂનના યજમાન થયા હતા. રાપર ગુરુકુળથી શાસ્ત્રી સ્વામી વિજ્ઞાન સ્વરૂપદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી પણ ધૂનમાં પધારતા અને છેલ્લા દિવસે મકરસક્રાંતિના મંદિરમાં શાકોત્સવની ઉજવણી કરાઈ હતી.

અહેવાલ :- કેતન બી. દાવડા

## શાકોત્સવ - શ્રી સ્વામિનારાયણ મંદિર નાગપુર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ભુજ મંદિરના સંતોના સાંનિધ્યમાં શાક ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. "ભારત યાત્રા પ્રવાસ"થી અનેક તીર્થોને પાવન કરી શ્રી નરનારાયણદેવને રાજી કરવા અને સ.ગુ. મહંત સ્વામીની આજ્ઞાથી સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી ભગવદજીવનદાસજી સ્વામીનું મંડળ ભારતભરમાં વસતા નાનામોટા દરેક સત્સંગી પરિવારને દર્શન અને સત્સંગનું સુખ આપી રહ્યા છે.

નાગપુર મંદિર સતત વીસ વર્ષથી ભુજથી પધારતા સંતોના સાંનિધ્યમાં શાકોત્સવ ઉજવાતું આવ્યું છે. આ વર્ષે તા. ૫-૧-૨૦૧૪ના રવિવારના સંતો પધાર્યા હતા. સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, શા. સ્વામી સંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી વેદપ્રકાશદાસજી, પુ. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, પુ. સ્વામી વેદાન્તસવરૂપદાસજી, પુ. સ્વામી વ્યાસમુનિદાસજી આદિ ભગવદીય સંતોના સાંનિધ્યમાં તા. ૫-૧-૨૦૧૪ને રવિવારના શાક ઉત્સવ ઉજવાયો.

શાક ઉત્સવના યજમાનપદે શ્રી ગોવિંદભાઈ ગોગારી(ચન્દ્રપુર) રહ્યા હતા. અંતમાં યજમાન તથા સંતોની આભાર દર્શનશ્રી મોહનભાઈ માવજીભાઈ ચૌહાણ દ્વારા કરવામા આવ્યું હતું.

અહેવાલ :- સ્વામી વેદાન્તસ્વરૂપદાસજી

# ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં પારાયણો

સ.ગુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી જગતપાવનદાસજી, સ્વામી હરિજીવનદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી વિશ્વજીવનદાસજી, પ્રસાદી મંદિરના મહંત સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા પુ. સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતોના આશીર્વાદથી નીચે પ્રમાણે પારાયણો યોજાઈ હતી.

૧) નારણપર ઉ.વાસના સાં.યો.પુરબાઈ અરજણ સેંઘાણી હસ્તે રામજી અરજણ સેંઘાણી તથા નારાણભાઈ આદિ પરિવાર તરફથી શ્રીહરિસ્મૃતિની પારાયણ કરવામાં આવી હતી. કથાના વક્તા પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી અને સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહ્યા હતા.

૨) ભુજના અ.નિ. ધીરજલાલ લવજી ઠક્કરની પુણ્યસ્મૃતિમાં શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ કરવામાં આવી હતી. યજમાન દેવેન્દ્રભાઈ કારીઆ-વૈદ્ય હસ્તે ધીરૂભાઈ તથા દેવેન્દ્રભાઈ કારીયા વૈદ્ય રહ્યા હતા. કથાના વક્તા પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતા.

૩) નારણપર ની.વાસનાં અ.નિ. મહંત લીરબાઈ અરજણની પુણ્યસ્મૃતિમાં શ્રી હરિબળગીતાની પંચાહ્ન પારાયણ થઈ હતી. મહંત સાં.યો. વાલબાઈ આદિ શિષ્ય મંડળ તરફથી આયોજન કરવામાં આવેલ. કથા પુ. સ્વામી ધર્મવિહારીદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજીએ વાંચી સંભળાવી હતી.

૪) સુખપરના અ.નિ. કેશરાભાઈ શીવજીની તથા અ.નિ. માતૃશ્રી વાલબાઈ કેશરા હિરાણીની પુણ્યસ્મૃતિમાં શ્રી નિષ્કુળાનંદ કાવ્યની પંચાહ્ન પારાયણ થઈ હતી. હસ્તે સુપુત્ર ધનજીભાઈ કેશરા તથા પુત્ર હરીશ અને પૌત્ર કાર્તિક આદિ પરિવાર રહ્યા હતા.

કથાના વક્તા પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, વિદ્યાર્થી સ્વામી સુખનંદનદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી અને સ્વામી રામકૃષ્ણદાસજી રહ્યા હતા. એક દિવસ રાત્રે ઠાકરથાળી રાસોત્સવ કરવામાં આવ્યો હતો.

૫) સુખપરના અ.નિ. દેવજી માવજી ભુડીયાની તથા અ.નિ. કરસન દેવજીની પુણ્ય સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવતની પંચાહ્ન પારાયણ કરવામાં આવી હતી. હસ્તે ભીમજીભાઈ દેવજી પરિવાર રહ્યા હતા. કથાના વક્તા પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી પ્રેમવલ્લભદાસજી રહ્યા હતા.

૬) સુખપરના અ.નિ. અમરબાઈ કાનજી ગોરસીયાની પુણ્યસ્મૃતિમાં શ્રીહરિબળગીતા તથા શ્રીહરિગીતાની પંચાહ્ન પારાયણ કરવામાં આવી હતી. હસ્તે શીવજીભાઈ કાનજી ગોરસીયા પરિવાર રહ્યા હતા. કથાના વક્તા પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, પુ. સ્વામી હરિમુકુંદદાસજી, શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહ્યા હતા. એક દિવસ રાત્રે ઠાકરથાળી રાસોત્સવ રાખેલ હતો.

૭) માનકુવા ભક્તિનગરના અ.નિ. પાર્ષદ શીવજી ભગતની પુણ્યસ્મૃતિમાં જનમંગલ નામાવલિની પંચાહ્ન પારાયણ કરવામાં આવી હતી. હસ્તે સુપુત્ર રવજીભાઈ શીવજી આદિ પરિવાર રહ્યા હતા. કથાના વક્તા પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતા. છેલ્લે દિવસે તા. ૪-૧-૧૪ના રોજ શ્રેષ્ઠ શાકોત્સવ ઉજવાયો હતો.

અહેવાલ :- શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસીજી

## ગોડપર શિવપાર્વતી પરિવાર પ્રાણપ્રતિષ્ઠા એવમ્ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ગામ શ્રી ગોડપર મુકામે શ્રી ગંગેશ્વર મહાદેવ અને ભોળેશ્વર મહાદેવ મંદિરને નૂતનરૂપ આપી ડિસેમ્બર તા. ૧૩ થી ૧૫ સુધી ત્રિદિનાત્મક મહારૂદ્રયાગનું આયોજન સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

વક્તાપદે શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ શ્રોતાગણને સંતૃપ્ત કર્યા હતા. પ્રથમ દિવસે સ્વામિનારાયણ મંદિરેથી સંતો-યજમાનો સહિત પોથીયાત્રા સભામંડપ સુધી વાજીંત્રના નાદ અને કીર્તનની રમઝટ સાથે બાજોઠ પર પધરાવી હતી.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે શોભાયાત્રામાં શાર્ક માછલી આકારે શૃંગારિત રથ પર બિરાજીત થઇ સમગ્ર ભક્તોને દર્શન આશીર્વાદ સાથે બન્ને દિવસ સભામંડપમાં હાજરી આપી સમૈયો શોભાવ્યો હતો.

શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં ગામવાસી બાળ-યુવકોએ વેશભુષામાં સારી રાસની જમાવટ કરી હતી.

સમય પ્રમાણે આપણા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી તથા પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા પૂ. સ્વામી સનાતનદાસજી તથા પૂ. કોઠારી સ્વામી ભગવત્જીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત, પૂ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પૂ. સ્વામી શ્રીહરિદાસજી, પૂ. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી તથા સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી, આદિ અનેક સંતોની ઉપસ્થિતિ-ઉદ્‌બોધન અને આશીર્વાદથી સમગ્ર મહોત્સવ શોભી ગયો હતો.

દરરોજ રાત્રે રાસોત્સવ, મહિલા કીર્તન ભક્તિ, લંડનથી શિવભજન મંડળી અને પ્રસિદ્ધ સાહિત્યકાર સાંઇરામ દવે અને સંત-ભજન સંધ્યા જેવા કાર્યક્રમોમાં દેશ-વિદેશના અનેક ભક્તોએ સત્સંગની મોજ માણી હતી.

સાંખ્યયોગી બહેનોની સાતેય દિવસ હાજરી હતી. ભુજ મંદિરના મહંત સાંખ્યયોગી સામબાઇ ફઇએ ઉત્સવમાં પધારી દર્શન-આશીર્વાદ આપ્યા હતા.

સંપૂર્ણ ઉત્સવ અને નવનિર્માણ મંદિર માટે વિદેશ વસતા ગામ વાસીઓની આર્થિક સેવા અધિક હતી. સ્થાનિક ગામવાસીઓ સાથે રહી સહભાગી થઇને તન, મન અને ધનથી સહકાર આપ્યો હતો. જે યજમાનશ્રીઓ અને સેવકો ટ્રસ્ટીમંડળ અને વ્યક્તિ વિશેષોનું સન્માન આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિ મોટા સંતોના વરદ્ હસ્તે સમયની અનુકૂળતાએ કરવામાં આવ્યું હતું.

સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી સ્વામીના મંડળના સંતોએ સમૈયાનું સુકાન સભાળ્યું હતું. સભાપતિ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સફળ સંચાલન કરી હરિભક્તોના ઉત્સવ સંકલ્પ સાકાર કર્યા હતા.

અહેવાલ :- પ્રમુખશ્રી લક્ષ્મણભાઇ કાબરીયા

## શાકોત્સવ - ખારોઇ

શ્રી ખારોઇ ગામ મધ્યે શાકોત્સવ ઉજવાયો. ખારોઇ સ્વામિનારાયણ મંદિરે સર્વે હરિભક્તો ધનુર્માસમાં સવારે ધૂન, આરતી, ભગવાનને થાળ જમાડી સર્વે હરિભક્તોએ ઉત્સવ મનાવ્યો હતો. પ્રવિણ ઠક્કર, સુરેશ ઠક્કર, શંકરલાલ ઠક્કર, ભોગીલાલ ઠક્કર, રાજાભાઇ પટેલ, આંબાભાઇ પટેલ, ધરમશીભાઇ, કરસનભાઇ તથા સર્વે હરિભક્તોએ હાજર રહી સેવા આપી હતી.

# શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-વિદ્યાલયમાં શૈક્ષણિક સંકુલમાં ત્રિ-વિભાગોનું નવીનીકરણ

ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરમાં બિરાજતા સંતોનો સમૂહ જે ભૂમિ પર પગલાં પાડે તે ભૂમિ આજીવન સદ્ગુણોની સુગંધ પ્રસરાવતી રહે. એવી જ માંડવીની સંસ્કારધામની ભૂમિ તા. ૪-૧-૨૦૧૪નાં રોજ સંતવૃંદની ચરણરજથી વિશેષ પાવન થઈ.

શૈક્ષણિક સંકુલમાં ઓફિસ - પ્રોજેક્ટર રૂમ અને કમ્પ્યુટર લેબનું નૂતનીકરણના કાર્યક્રમમાં ભુજ મંદિરેથી પધારેલ મહંત સદ્ગુરુ સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, પૂજ્ય સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી ઉપરાંત માંડવી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી, મુખ્ય ઓફિસનાં શરૂઆતથી નૂતનીકરણના દાતા દેવરાજભાઈ કુંવરજી સોજીત્રા ધ.પ. ધનબાઈ તેમજ સમગ્ર પરિવાર અને સર્વે હરિભક્તોનો સંસ્થાના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીની નિશ્રામાં વાજતે - ગાજતે સામૈયું કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના-સ્વાગતગીત અને કીર્તન - “હમે નિજ ધર્મ પર ચલના શીખાતા રોજ સહજાનંદ” એ સ્વામી નિર્ભયચરણદાસજી અને સ્વામી કપિલમુનિદાસજીનાં સંગીતમય સૂરોમાં બાળકો નિશીલ કેરાઈ, ભાવિક ભુડીયા, ભગીરથ ગઢવી, અશોક કેરાઈ, અભિષેક ઉપાધ્યાયએ રજૂઆત કરી હતી. શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ ઉપસ્થિત સંતો ટ્રસ્ટીઓ એવમ્ સર્વે હરિભક્તોનું શાબ્દિક અને પુષ્પમાળાથી સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય મદનસિંહ ચાવડાએ પોતાનાં વક્તવ્યમાં ધો. ૧૦-૧૨નું પરિણામ, વિજ્ઞાન-પ્રદર્શનની રાજ્યકક્ષાએ સિદ્ધિ, સેવાકીય પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટન, કાર્નિવલ જેવી પ્રવૃત્તિઓનો આછેરો ખ્યાલ રજૂ કર્યો હતો. સદ્. સ્વામી ધર્મકિશોરદાસજીનાં મંડળ દ્વારા શરૂ થયેલ શૈક્ષણિક સંકુલની ગતિવિધિ વિશે પૂર્વસંચાલન શા. સ્વામી નારાયણમુનિદાસજીએ વિદ્યાર્થીઓનો સંસ્થા પ્રત્યેનો સ્નેહભાવ તેમજ અભ્યાસ કરતા બાળકોની દૈનિકક્રિયાના તપની સરાહના કરી, શાળાના પરિણામની સંપૂર્ણ સફળતા શિક્ષકોની મહેનતને આપી હતી. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ માંડવીના શિક્ષણને પ્રથમ હરોળનું શિક્ષણ ગણાવી, સંસ્થામાં વિદ્યાભ્યાસ સાથે થતો સત્સંગનો મેળ-સુમેળ વર્ણવ્યો હતો. પાર્ષદ જાદવજી ભગતે સંસ્થાની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી ભવિષ્યમાં શૈક્ષણિક સંકુલનું વિસ્તરણ કરવાના વિચારો પ્રગટ કર્યા હતા.

ખેલમહાકુંભ અને શાળાકીય રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિ બદલ તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

જૂની ઓફિસના નવિનીકરણ સુધીના દાતા દેવરાજભાઈ કુંવરજી સોજીત્રા પરિવાર(કેરા) તેમજ ઓફિસના ઉદ્ઘાટક કાન્તિભાઈ નારણ મનજી કેરાઈ(બળદિયા), ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષકવૃંદ અને એન્જીનીયર જયેશભાઈ વાગજીયાણી સહિત સર્વે કોન્ટ્રાકટર અને કલાકારો તેમજ અન્ય શાળામાંથી પધારેલ આચાર્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી આલમ વતી ધો.૧૨નાં ગાજપરીયા પ્રિતમ સામજીભાઈએ સંસ્કારધામ સાચું સંસ્કારતીર્થ છે તેમ જણાવી, અભ્યાસ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરવા, નીતિયુક્ત સચ્ચાઈનું સ્વપ્ન સાકાર કરવા અહીંથી ઘણી જ પ્રેરણા મળી છે. આશાનું કિરણ નહીં આખેઆખો સૂર્ય ઝળહળ્યો છે તેવા વિચારો પ્રગટ કર્યા હતા.

આ પ્રસંગે ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વચન આપતા જણાવ્યું કે ગુરુકુળ પ્રણાલિની શરૂઆત આજથી

૬૮ વર્ષ પહેલાં અ.નિ. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી તથા વરિષ્ઠ સંતોથી થઈ હતી. ત્યારબાદ અ.નિ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી તેમજ વરિષ્ઠ સંતોની પ્રેરણાથી શિક્ષણ સુવિધાનો વેગ વધતો રહ્યો. તેમજ કન્યા કેળવણી ક્ષેત્રે મંદિર દ્વારા થયેલી પ્રગતિનો ખ્યાલ રજૂ કર્યો હતો. વિદ્યાર્થીભવન ભુજની શરૂઆત બાદ ગુરુકુળના પ્રથમચરણ તરીકે સ્વા.સંસ્કારધામ-માંડવીની શરૂઆત થઈ હતી.

ઓફિસ-પ્રોજેક્ટરરૂમ અને કોમ્પ.લેબનું ઉદ્‌ઘાટન મહંત સ્વામીના વરદ્‌હસ્તે દાતાશ્રી કાન્તિભાઈ નારણ મનજી કેરાઈ સુપુત્ર કૌશિક તથા દેવન(બળદિયા) પરિવારની ઉપસ્થિતિમાં મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું.

અ.નિ. સદ્‌ગુરુ સ્વામી ધર્મકિશોરદાસજીનાં મંડળના સંતોમાં સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી આદિ સંતોની મહેનતથી શિક્ષણ સુવિધાઓમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે. સંસ્થાનાં ટ્રસ્ટીશ્રીઓ અનુક્રમે લાલજીભાઈ મનજી ગાજપરીયા, ખીમજીભાઈ રામજી હાલાઈ, માવજીભાઈ લાલજી વેકરીયા, લાલજીભાઈ મનજી હિરાણી, દેવજીભાઈ વીરજી હિરાણી, હરજીભાઈ ગાંગજી વેકરીયા, અરજણભાઈ હાલાઈ સહિત સર્વે હરિભક્ત ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં શાનદાર કાર્યક્રમનું આયોજન થયું હતું. દર્શનીય સંતો કોઠારી સ્વામી હરિબળદાસજી, સ્વામી પ્રભુચરણદાસજી, શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી આદિ ૩૫ સંતોએ મંચ શોભાવ્યો હતો. વિવિધ સમિતિઓમાં વ્યવસ્થા પદે માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ તેમજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ સેવા બજાવેલ હતી. આભાર વિધિ શાળાના શિક્ષક જગદીશ મહેતાએ કરી હતી. કાર્યક્રમના અંતે સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

અહેવાલ : યશરાજસિંહ ઝાલા - શિક્ષક

## શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર - ધનુર્માસ

શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારને આંગણે ધનુર્માસ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો. હજારો ભક્તો અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ વિદ્વાન વડીલ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી તેમજ કોઠારી સ્વામી દેવસ્વરૂદાસજી તથા સો સંતો સાથે ધૂનનો લાભ લઈ સૌ ધન્યભાગ્યશાળી બન્યા હતા.

ધૂનમાં આવતા ભક્તો માટે સંતોએ મહાપ્રસાદ બનાવી સૌ ભકતોને ખુશ કરી દીધા હતા.

પૂજારી સ્વામી હરિસ્વરૂપદાસજી ઘનશ્યામ મહારાજના અનેરા શણગાર સજીને દર્શન કરવ્યાં હતાં . ધનુર્માસમાં ભક્તો માટે તા. ૧૨-૧-૨૦૧૪નો દિવસ દિવ્ય રહ્યો કારણ કે અંજારના સાં.યો. ચાગબાઈએ સંવત્ ૧૯૦૩માં પોતના ઘરમાં જ નાનું એવું મંદિર તૈયાર કર્યું. તેને સંવત્ ૨૦૭૦ના ૧૬૭ વર્ષ થતા મોટા સંતો સંકલ્પ કર્યો. આ સાં.યો. ચાગબાઈના ૠણને અદા કરવા રવિવારના ૧૬૭ ધૂન કરવી. આ સંકલ્પ દેશ-વિદેશના હરિભક્તોએ ધૂનનો લાભ લઈ ઉત્સાહિત થયેલા ભક્તોએ પોતાનો ઉત્સાહ બતાવી ૧૯૫૧ ધૂન નોંધાવી હતી.

ધૂન બાદ રૂડા આશીર્વાદ પાઠવી સમગ્ર યજમાનશ્રીઓને પ્રસાદીભૂત સહજાનંદ સ્વામીની મૂર્તિ તેમજ બેગ અપાઈ હતી. આ પ્રસંગને વધુ ઓપ આપવા અંજાર, નાગલપરના યુવાનો તથા સૌ ભક્તોના સહયોગથી ૧૦૦૦ કિલો ફૂલોથી મંદિરને શણગારમાં આવ્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી

# નડિયાદમાં સત્સંગ ભવનનું ખાતમુહૂર્ત સંપન્ન થયું

શ્રી સ્વામિનારાયણ ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનું ખાતમુહૂર્ત ધામધૂમ પૂર્વક સંપન્ન થઈ ગયું. આ પ્રસંગે શ્રીહરિલીલામૃત સાગરનું તા.૧૬થી૧૮ ત્રણ દિવસ સુધી આયોજન રાખવામાં આવેલ હતું. ભુજ મંદિરના મહંત સ્વામી તથા ભુજ મંદિરના વડીલ તથા નાના સંતોની મોટી સંખ્યામાં હાજરી હતી. તા. ૧૬ના કથાપારાયણના યજમાનને ઘેરથી પોથી પૂજન બાદ વાજતે ગાજતે પોથી સભામંડપમાં લાવવામાં આવી હતી. પૂજન બાદ પ.પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા હરિભક્તો દ્વારા દીપપ્રાગટ્ય કરી વક્તાશ્રીનું પૂજન કરી કથાનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

બીજા દિવસે ખાત મુહૂર્તના યજમાનની ચડાવા દ્વારા વરણી કરવામાં આવી હતી. જેમાં અ.નિ. કરસનભાઈ પોકારના ૫ સુપુત્રોએ કુંવરજીભાઈ આદિએ મોટો આંક આપી સેવા લીધી હતી. ત્યારબાદ સમગ્ર નડિયાદના ભક્તોએ પોતાની યથા શક્તિ પ્રમાણે સત્સંગ ભવનના લાભાર્થે સેવાનું સમર્પણ કરી શ્રીહરિ અને સંતોનો રાજીપો મેળવ્યો હતો. સંતોએ નડિયાદના દરેક ભક્તો ઉપર બહુ જ રાજીપો વ્યક્ત કર્યો હતો. બીજા દિવસે તા. ૧૮-૧-૨૦૧૪ના રોજ સવારના રજા મુહૂર્તમાં ખાતપૂજન થયું હતું. અને પ.પૂ. મહંત સ્વામી તથા યજમાનો દ્વારા શિલારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આવેલ ભક્તોને પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના આશીર્વાદ મળવાથી નડિયાદનો સત્સંગ સમુદાય અતિ આનંદિત થયો હતો.

ત્રણ દિવસના પારાયણના વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી ભક્તવત્સલદાસજી રહ્યા હતા. સફળ સભા સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. સત્સંગ ભવન સંચાલન સમિતિ, કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળના યુવાનો યુવતીઓએ ખૂબ જ ખંતપૂર્વક સંતોએ સોંપેલી સેવા સંભાળી હતી અને સમગ્ર આયોજન ૩૩ સંતોના આગમનથી અતિ દિવ્ય બન્યું હતું. અને આમંત્રિત મહેમાનો, નડિયાદ શહેરના ગણ્યમાન્ય વ્યક્તિઓ, પદાધિકારીઓ પણ પધારી ધન્ય થયા હતા.

અહેવાલ :- ધરમશીભાઈ વાસાણી

# માનકુવા ભક્તિનગર શાકોત્સવ

[illegible] પ્રકરણનું ૨૭મું વચનામૃત સમજાવ્યું હતું. પાર્ષદ ખીમજી ભગત, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી શ્યામચરણદાસજી આદિ સંતો રાત્રી સભામાં પધારી અમારા આખા ગામને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા હતા. સ્વામી વિશ્વવલ્લભદાસજીએ યુવાનો તેમજ આખી સભાને કેવી રીતે વર્તવું તેવી ભલામણ કરી હતી. ઉત્સવમાં ખૂબ જ આનંદ થયો હતો.

અહેવાલ :- દેવજી પ્રેમજી જોધાણી-ભક્તિનગર

## પલાંસવા : નૂતન મંદિર શિલાન્યાસ

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આશીર્વાદ અને આજ્ઞાથી ભુજ મંદિરના સંતો દ્વારા થતા ધર્મના પ્રચાર અને પ્રસારની સુગંધથી વાગડ પ્રદેશ પણ મહેકી ઉઠ્યો છે. આ વિસ્તારના હરિભક્તો સત્સંગના રંગે રંગાઈને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા ગાતાં ધન્યતા અનુભવે છે. હરિભક્તોને ભજન-કીર્તન, કથા, ભક્તિ અને સત્સંગ કરવાની સુવિધા માટે વ્યવસ્થા ગોઠવી આપવાની ભુજ મંદિરની પરંપરા રહી છે. આ સુવિધાનો લાભ જ્ઞાતિના ભેદભાવ વગર પટેલ, સોની, સુથાર, ભરવાડ, રાજપૂત, આદિ જ્ઞાતિના હરિભક્તો લઈ રહ્યા છે.

પલાંસવા મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ભુજના સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતો તથા યજમાન હરિભક્તોના વરદ્ હસ્તે તા. ૮-૧૨-૨૦૧૩ના રોજ નૂતનમંદિરના ખાતમુહૂર્ત (શિલાન્યાસ)નું કાર્ય ધામધૂમથી સંપન્ન થયું. આ પ્રસંગે પ.ભ. શ્રી નારાણભાઈ મનજી આણંદા કેરાઈ, ધ.પ. વાલબાઈ સુત કાંતિભાઈ ધ.પ. નીતાબહેન, પૌત્ર કૌશિક, દેવેન, પૌત્રી વિષ્ણા, બીજા સુત અ.નિ. કલ્યાણભાઈ, ધ.પ. ગં.સ્વ. કાન્તાબેન, પૌત્ર ઉમેશભાઈ, ધ.પ. મંજુલાબેન પૌત્ર નરેન્દ્રભાઈ, ધ.પ. મનિષાબહેન, પૌત્રી વિદ્યાબહેન ગામ બળદિયા (હાલે નૈરોબી) સંપૂર્ણ મંદિર બાધકામનું યજમાન પદ શોભાવ્યું હતું. આ વિસ્તારના હરિભક્તો માટે આ મંદિર સત્સંગ અને ભક્તિદૃઢ કરવાનું ઉત્તમ માધ્યમ બની રહેશે એ વાતની સર્વત્ર પ્રસન્નતા હતી.

## શાકોત્સવ - સરદારનગર (ભચાઉ)

હતું. તે [illegible] [illegible] કરવામાં આવેલ. [illegible] હતું. મોટી સંખ્યામાં હરિભક્તો સંતો સાથે સત્સંગ કરેલ હતો. આવા નાના મોટા પ્રસંગો ઉજવાતા રહે તો દરેક ભક્તોને સત્સંગનો લાભ મળતો રહે. યજમાનોએ કરેલી સેવા બદલ સંતોએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ :- મંદિરના પૂજારી


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

### ગ્રાહક છો ? તો બીજાને બનાવો

**ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વંચાવો અને વચંવો.**

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ સત્સંગ સંવર્ધન શિબિર - ૨૦૧૪, નાઈરોબી કેન્યામાં સંપન્ન થઈ

ભુજ શ્રીનરનારાયણદેવ તાબાના શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઈરોબીમાં બિરાજતા શ્રીસહજાનંદ સ્વામી મહારાજ આદિ ભગવત્ સ્વરૂપોનો પ૯મો વાર્ષિક પોટોત્સવ અતિ ધામધૂમથી ઊજવાઈ ગયો. આ વર્ષે ૬૦ પૂર્ણ થતાં ભવ્યાતિભવ્ય શ્રીસહજાનંદ ષષ્ટિપૂર્તિ મહોત્સવ ઉજવવાનું નિરધારેલ છે. આ ઉત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી આફ્રિકા ખંડમાં સત્સંગ પ્રચારાર્થે પધારેલા સદ્. સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતો સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી વિવેકમુનિદાસજી, અને પુરાણી સ્વામી દેવવિહારીદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં તા. ૦૩/૦૧/૨૦૧૪ થી તા. ૦૫/૦૧/૨૦૧૪ - ત્રિદિનાત્મક શ્રી સ્વામિનારાયણ સત્સંગ સંવર્ધન શિબિર શ્રીનરનારાયણદેવની કૃપાથી સફળતા પૂર્વક પૂર્ણ થઈ.

આ શિબિરમાં કેન્યા દેશનાં નાઈરોબી, મોમ્બાસા, મલીંડી, એલ્ડોરેટ, કિસુમુ, કેરિચો, નકુરુ, નારોક, મેરુ, એમ્બુ, કેરુગોયા, વેબુયે, કીટાલે, મુમીઆસ, કાકામેઘા વગેરે; યુગાન્ડા દેશનાં કંપાલા, હોઈમા, ટરોરો, ઝીંઝા વગેરે અને ટાન્ઝાનિયા દેશનાં દારેસલામ, અરુશા, મોશી વગેરે નાના-મોટા શહેરોમાંથી ૩૫૦૦થી પણ વધારે સત્સંગી ભાઈઓ તથા બહેનોએ મુક્ત રીતે સત્સંગનો લાભ લીધો હતો.

પ્રથમ દિન, તા. ૦૩/૦૧/૨૦૧૪, શુક્રવાર સવારે જયનાદ અને પ્રાર્થના કરી સંતો તથા મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરી શિબિરની શુભ શરૂઆત કરાવી હતી. તેમાં પ્રથમ તાબા મંદિરના નાના-નાના ભૂલકાઓએ મંદિરીયે મારે પધારો પ્રભુજી.. આ સ્વાગત ગીત પર નૃત્ય કરી શિબિરાર્થીઓનું પુષ્પોથી સ્વાગત કર્યું હતું. પછી પ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદમાં કહ્યું કે આપણે બધા અહીં શા માટે ભેગા થયા છીએ.? અને શિબિર કરવાનો હેતુ શું છે.? તે બતાવ્યું હતું.

ત્યાર પછી શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ પ્રોજેક્ટર પર મનુષ્યદેહની દૂર્લભતા વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા મનુષ્યદેહની દૂર્લભતા સમજાવી હતી. બાળકો તથા યુવાનોએ વાલેરો વરુ નામનું એક રૂપક રજુ કર્યું, તેમજ નાની-નાની (ઇન્ડોર) ગેમ્સ્ રમી ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું હતું. ગામ કેરિચોના પરેશભાઈ પટેલે "કચ્છનો સત્સંગ અને ભાગ્યશાળી છે કચ્છના ભક્તો" આ વિષય પર સરસ પ્રવચન આપી શ્રીનરનારાયણદેવના દૃઢ નિષ્ઠાવાન બની રહેવા જણાવ્યું હતું. પ્રશિક્ષણ ક્લાસમાં બે અલગ-અલગ ક્લાસ હતા. એક કથા અને રાગ-રાગિણી :- આ ક્લાસમાં પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા દિનેશભાઈ હિરાણીએ સાથે રહી ભક્તચિંતામણી, ઘનશ્યામલીલામૃતસાગર અને નિષ્કુળાનંદ કાવ્યના વિવિધ રાગો તેમજ કથાનું વાંચન કેવી રીતે કરી શકાય તે શીખવ્યું હતું. બીજા ક્લાસમાં શા. સ્વામી અક્ષરમુનિદાસજી અને હરીશભાઈ રાબડીયાએ શિબિરાર્થીઓને પ્રવચન અને સભા સંચાલન કેવી રીતે કરી શકાય તેનું પ્રશિક્ષણ આપ્યું હતું.

દ્વિતીય સભા :- સંગીતના સૂરોની સાથે કીર્તનોની રમઝટ બાદ કંપાલા (યુગાન્ડા)થી આવેલા શિબિરાર્થીઓએ આંખલડીમાં રાખું રે છબીલો વાલો.. આ કીર્તન પર નૃત્ય કરી સૌ શિબિરાર્થીઓને ઝુમતા કર્યા હતા. પુ. સ્વામી વિવેકમુનિદાસજીએ વૈરથી વિનાશ વિષય પર

ચિંતનાત્મક કથા કરી સૌને નિર્વૈર જીવન જીવવાની કળા શીખવી હતી. દારેસલામ (ટાન્ઝાનિયા)થી આવેલા શિબિરાર્થીઓએ લોભી વાંણીયો નામનું રમુજી રૂપક રજુ કરી સૌને ખૂબ હસાવ્યા હતા. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ જીવની સાચી કમાણી શું..? એ વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યું હતું. ત્યારપછી માનસીપૂજા કરી સૌએ મેવાનો પ્રસાદ લીધો હતો. સંતોએ શ્રીઠાકોરજીની સંધ્યા આરતી કરી, સૌ શિબિરાર્થીઓએ સમૂહમાં સ્તુતિ-પ્રાર્થના કરી. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સાંજની નિયમની કથામાં કથાનો મહિમા મુક્તકંઠે ગાઈ સૌને સાંજે મંદિરમાં જઈ કથા સાંભળવાનો નિયમ આપ્યો હતો.

રાત્રી સભા :- પ્રથમ દિવસની રાત્રી સભામાં કૌન બનેગા મહાજ્ઞાની...??? (K.B.M. = સત્સંગ પ્રશ્નોત્તરી)નો જબરદસ્ત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. E.A.S.S. TEMPLE – નાઈરોબીના યુવાનોએ કરેલું સ્ટેજનું ડેકોરેશન અને કમ્પ્યૂટરાઈઝ કરેલા આ પ્રોગ્રામમાં આખી સભામાંથી પાંચ પ્લેયર્સને રમવા માટે હોટ સીટ પર બેસાડ્યા હતા. તેમાંથી દરેક પ્રશ્નોના સાચા જવાબો આપી હરેશ ભીમજી હિરાણીએ મહાજ્ઞાનીની ઉપાધિ (ડીગ્રી) હાંસલ કરી હતી.

દ્વિતીય દિવસ, તા. ૦૪/૦૧/૨૦૧૪, શનિવાર પ્રાત:

સભા :- સંતોના માર્ગદર્શન હેઠળ સૌએ સમૂહમાં પ્રાત:પૂજા કરી હતી. પ્રથમ સભા :- પ્રથમ સભામાં શ્રીઘનશ્યામ બાળમંચ જયનાદ કરી E.A.S.S. TEMPLE–નાઈરોબીના બાળકોએ નૃત્યની સાથે નમન હું કરું...પ્રાર્થના કરી શરુઆત કરાવી હતી. ત્યારબાદ કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનિયા – આ ત્રણેય દેશથી આવેલા ૧૦ વર્ષથી નાનાં–નાનાં બાળકોએ સ્ટેજ પરથી શિક્ષાપત્રીના શ્લોકો; વચનામૃત; મંગળા – શણગાર અને સંધ્યા ત્રણ આરતીઓ; રામકૃષ્ણ ગોવિંદ ધૂન્ય; નવીનજીમૂતસમાનવર્ણં; નિર્વિકલ્પ ઉત્તમ અતિ; વિશ્વેશ છો સકળ...... વગેરે સ્તુતિઓ; વાર્તાઓ; પ્રવચનો; કીર્તનો; સંગીત સાથે કીર્તનો – એક પછી એક કાર્યક્રમ કંઠસ્થ, નિર્ભય અને છટાદાર શૈલીમાં રજૂ કરી સર્વ શિબિરાર્થીઓને આશ્ચર્યચકિત કર્યા હતા.

તે ઉપરાંત ક્યારેય પણ ન નિહાળ્યા હોય તેવા ગુગલબોય, શ્રીહરિવનવિચરણ દર્શન, મારું ઓળખપત્ર જેવા નવીન કાર્યક્રમો થયા હતા. એક પાંચ વર્ષનો નાનો બાળક ઋષિલકુમાર રમેશ રાઘવાણી શા. સ્વામી અક્ષરમુનિદાસજીની સામે ગુગલબોય તરીકે હોટ સીટ પર આવીને બેઠો. શા. સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયના, રામ-કૃષ્ણાદિ અવતારોના, પુરાણોના, ઇતિહાસના, જનરલ નોલેજના ૧૦૦થી વધારે પ્રશ્નો પૂછ્યા તેના ફટાફટ...ફટાફટ...સાચા અને સચોટ જવાબો આપીને પાંચ વર્ષના નાના બાળકે પોતાની બુદ્ધિપ્રતિભાનું દર્શન કરાવી પોતાને ગુગલબોય તરીકે પ્રમાણિત કર્યો હતો. આ કાર્યક્રમે આખી સભામાં અનેરું આકર્ષણ ઉભું કર્યું હતું. આ કાર્યક્રમ આખી શિબિરનું અનોખું અને અનેરું નજરાણું બની ગયો હતો. તેવી જ રીતે કંપાલા (યુગાન્ડા)થી આવેલ ૯ વર્ષના ઐનિશ ધનજી હીરાણીએ ભગવાનશ્રી નીલકંઠવર્ણીએ પોતાના સાત વર્ષના વનવિચરણ દરમ્યાન ૧૬૫ ગામડા તથા શહેરોમાં વિચરણ કર્યું હતું, તેનાં નામ ક્રમ મુજબ છટાદાર શૈલીમાં રજૂ કરી શિબિરાર્થીઓને યાત્રાની અનુભૂતિ કરાવી હતી. પછી નીરવ કાનજી એ પોતાની જોશ ભરી વાણીમાં પોતાનું ઓળખપત્ર આપતાં કહ્યું હતું કે હું દેહ નથી હું તો જીવાત્મા છું, આલોકનો નથી પણ અક્ષરધામથી આવ્યો છું. મને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ થઈ છે મને ગર્વ છે કે હું સ્વામિનારાયણનો છું.. આવી જોશીલી વાત સાંભળીને સૌ શિબિરાર્થીઓ જોશમાં આવી ગયા હતા.

નાના બાળકોએ બે રૂપક પણ રજૂ કર્યાં હતાં. ૧. તાબા મંદિરના બાળકોએ  ટી.વી. રૂપી રાક્ષસ રૂપક દ્વારા ટી.વી. જોવાથી થતું નુકશાન નજર સમક્ષ દેખાડીને અનુરોધ કરતાં કહ્યું હતું કે અમને નાના – નાના બાળકોને ટી.વી.ને રવાડે ચડાવીને અમારી જીંદગી બરબાદ ન કરો. ૨. મોમ્બાસાથી આવેલા શિબિરાર્થીઓએ મલ્લયુદ્ધ નામનું રૂપક રજુ કરી સૌને આનંદિત કર્યા હતા.

તો બાળકોમાં આજીવન સંસ્કાર અને સત્સંગ

જળવાઈ રહે તે માટે પુ. સ્વામી દેવવિહારીદાસજીએ આદર્શ પરિવાર વિષય પર સરસ પ્રેઝન્ટેશન રજુ કરી આદર્શ પરિવાર માટે માતા-પિતાની તથા સંતાનોની એક-બીજા પ્રત્યેની ફરજો અને વર્તન; ફરજ ચૂકતાં થતાં નુકશાનો; ઘરનું વાતાવરણ સત્સંગમય હોવું.... વગેરે મુદ્દાઓ સમજાવ્યા હતા.

દ્વિતીય સભા :- સભાની શરૂઆત કરી મોમ્બાસાથી આવેલા શિબિરાર્થીઓએ મૂર્તિ લાગે છે મુને પ્યારી ગિરધારી કામણગારી.... આ કીર્તન પર નૃત્ય કરી ત્યારબાદ પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સ્નેહથી સર્જન વિષય પર ચિંતનાત્મક વિશદ છણાવટ કરી પછી કંપાલા (યુગાન્ડા)થી આવેલા શિબિરાર્થીઓએ અભયસિંહ નામનું રૂપક રજુ કરી શિર જતું હોય તો જતું કરવું પણ દારુ આદિ વ્યસન તો ક્યારેય ન જ કરવાં. રૂપક પૂર્ણ થતાં તેને જ અનુલક્ષીને શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ વ્યસનમુક્તિ વિષય પર વ્યસનથી થતાં શારીરિક, માનસિક, આર્થિક, પારીવારિક વગેરે નુકશાનો પ્રોઝેક્ટરપર ફોટોઝ્ અને વિડીયોઝ્ બતાવીને સમજાવ્યાં હતાં. પરિણામે ૬૦થી પણ વધારે યુવાનોએ વ્યસન મૂક્યાં હતા.

બીજા દિવસે રાત્રે ઓરકેસ્ટ્રાના સથવારે ભવ્યાતિભવ્ય રાસોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

તૃતીય દિવસ, તા. ૦૫/૦૧/૨૦૧૪, રવિવાર

પ્રથમ સભા :- શિબિરનો ત્રીજો દિવસ એટલે શિબિર સમાપ્તિનો દિવસ. E.A.S.S. TEMPLE–નાઈરોબીના યુવાનોએ મારે સ્વામિનારાયણ ભજવા રે...કીર્તન પર સરસ નૃત્ય સાથે પ્રાર્થના કરી સભાની શુભ શરૂઆત કરાવી. ત્યારબાદ અશ્વિન ભગતે પ્રવચન આપતાં જણાવ્યું હતું કે આપણે અહીં પીકનીક કરવા નથી આવ્યા પણ જીવન જીવવાની કળા શીખવા આવ્યા છીએ, સત્સંગમાં આગળ વધીને શિબિરને સાર્થક કરીએ. સભામાંથી ધર્મ શ્રેષ્ઠ કે ભક્તિ શ્રેષ્ઠ..? આવો પ્રશ્ન આવતાં શાસ્ત્રોના અભ્યાસી એવા વડીલો અને યુવાનોને સ્ટેજ પર બોલાવીને શાસ્ત્રોનાં પ્રમાણો આપી ચર્ચા-વિચારણા કરી નિર્ણય લાવવા કહ્યું. આ રીતે ધર્મ શ્રેષ્ઠ કે ભક્તિ શ્રેષ્ઠ..? વિષય પર ડીબેટ થતાં આખી સભામાં અનોખું આકર્ષણ ઊભું થઈ ગયું હતું. બંન્નેની શ્રેષ્ઠતાના નિર્ણય માટે સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ પોતાની ધીર-ગંભીર વાણીમાં નિર્ણય આપતાં કહ્યું કે ભક્તિ છે તે મોક્ષને આપનારી છે માટે ભક્તિ છે તે જ શ્રેષ્ઠ છે પણ તે ભક્તિ સ્વધર્મ યુક્ત હોય તો જ માટે ધર્મની પણ એટલી જ શ્રેષ્ઠતા છે. માટે જીવનમાં ધર્મ અને ભક્તિ બન્નેની જરુર છે.

ત્યારપછી તાબા મંદિરના યુવાનો અને બાળકોએ કચ્છપ્રાંત (લંગાટા) વિસ્તારમાં જે નૂતન મંદિર બંધાઈ રહ્યું છે તેની આછી ઝલક આપતું સંસ્કૃતિનું કલેવર નામનું અતિ અદ્ભુત રૂપક રજૂ કરી નૂતન મંદિરના નિર્માણ કાર્યની સેવામાં સહભાગી થવા સૌને પ્રાર્થના કરી હતી. પછી પધારેલા સૌ શિબિરાર્થીઓને સંતોના વરદ હસ્તે ડીજીટલ હેન્ડ વોચ. ૨. મોબાઈલમાં લગાડવા માટે સ્ટીકર અને ૩. શિબિરનું પ્રમાણપત્ર – આપવામાં આવ્યાં હતાં. ત્યારબાદ પધારેલા શિબિરાર્થીઓમાંથી દરેક ગામના બે-બે શિબિરાર્થીઓએ શિબિરના આયોજન અને કાર્યક્રમ વિષે પોતાના અંતરના અભિપ્રાયો આપતાં જણાવ્યું હતું કે આ શિબિરનું આયોજન અને બધા જ કાર્યકર્મો અતિ અદ્ભુત હતા.

E.A.S.S. TEMPLE–નાઈરોબીના સેક્રેટરી ભીખા ભાઈએ જણાવ્યું હતું કે ૨૦૧૧માં થયેલી મેગા શિબિરની હારોહાર ગણાવી અને છ સંતોની મહેનતને વખાણી હતી. તવી જ રીતે તાબા મંદિરના ચેરમેનશ્રી પરબતભાઈએ કહ્યું પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શિબિરનું આયોજન થયું. સંતો અને હરિભક્તોની મહેનતે ટૂંક સમયમાં જ ધાર્યા કરતાં પણ બહુ જ સારું આયોજન થયું અને તે આજે આપણે નજરે નિહાળીએ છીએ.

શિબિરના અંતે પ. પૂ. સદ્. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પુ. સ્વામી પ્રભુવલ્લભદાસજીએ એ શિબિરનું આયોજન કરનારા સંતોને તથા હરિભક્તોને તેમજ શિબિરમાં આવેલા શિબિરાર્થીઓને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે આ શિબિરમાં સત્સંગ સંવર્ધનને ધ્યાનમાં

રાખી કથા-વાર્તા, પ્રેઝન્ટેશન, પ્રવચન, કીર્તન ભક્તિ, રૂપક, બાળમંચ, વ્યસન મુક્તિ, જ્ઞાન ગમ્મત, કૌન બનેગા મહાજ્ઞાની..? ડીબેટ - જેવા અનેકવિધ કાર્યક્રમોમાંથી આપ જે કંઈપણ શીખ્યા છો તેને આપના જીવનમાં ઉતારી તે પ્રમાણે જ વર્તવાના પ્રયાસો કરજો. ત્યારપછી તાબા મંદિરના સેક્રેટરી જાદવજીભાઈ હાલાઈએ શિબિરના આયોજક સંતો અને હરિભક્તોનો, વિવિધ વિભાગમાં સેવા કરતા હરિભક્તોનો, પધારેલા શિબિરાર્થીઓનો સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતે સભાપતિ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ જયનાદ કરી શિબિરને પૂર્ણ જાહેર કરી હતી.

અહેવાલ - જાદવજીભાઈ હાલાઈ, નારણભાઈ ગોરસીયા, સેક્રેટરીશ્રી, ક.સ.સ્વા.મં. – નાઈરોબી, તાબા)

## શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી વાર્ષિક જાહેર સભા

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા રવિવાર તા. ૧-૧૨-૨૦૧૩ના રોજ સવારના મંદિરના પ્રાર્થના હોલમાં બોલાવવામાં આવેલ હતી.

અધ્યક્ષ પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણીના આદેશ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રીએ ગત વાર્ષિક સભાની નોંધનું વાચન કરેલ અને સને ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ વાંચી સભળાવેલ. ત્યારબાદ ખજાનચી મનજીભાઈ કાનજીભાઈ રાઘવાણીએ ૨૦૧૨નો વાર્ષિક આવક જાવક તથા સરવૈયાનો હિસાબ સભા સમક્ષ વાંચી સંભળાવેલ હતો.

ત્યારબાદ વિદાય લેતી સમિતિએ કરેલ મંદિરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી તન,મન અને ધનથી કરવામાં આવેલ સેવા બદલ અધ્યક્ષશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને જૂની સમિતિને બરખાસ્ત કરી અને સને ૨૦૧૩-૨૦૧૪નાં વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના સર્વે હરિભક્તોની ઈચ્છાનુસાર સર્વાનુમતે કરવમાં આવેલ.

**પ્રમુખ** : પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી-બળદિયા **ઉપપ્રમુખ** : પ.ભ. દેવશીભાઈ કુંવરજી ગરારા-બળદિયા **સેક્રેટરી** : પ.ભ. ભીખાલાલ વેલજી ગોરસીયા-સુખપર **સહસેક્રેટરી** : પ.ભ. હિરજીભાઈ વેલજી આસાણી-વેકરા, પ.ભ. અરવિંદભાઈ નારણ ભુડીયા-સુખપર **ખજાનચી** : પ.ભ. મનજીભાઈ કાનજી રાઘવાણી-બળદિયા **સહખજાનચી** : પ.ભ. વિશ્રામભાઈ નાથા ભંડેરી-વેકરા, પ.ભ. દિનેશ ધનજી વરસાણી-સામત્રા, **કોઠારી** : પ.ભ. વિશ્રામભાઈ પ્રેમજી ડબાસીયા-કોડકી **ઉપકોઠારી** : પ.ભ. જેઠાલાલ વાઘજી વરસાણી-સામત્રા, પ.ભ. હિરજીભાઈ મનજી કારા - માંડવી **ઈન્ટરનલ ઓડીટર** : પ.ભ. બાબુભાઈ હિરાણી-કોડકી **સભ્યો** : પ.ભ. હિરજીભાઈ વિરજી વરસાણી-વેકરા, પ.ભ. કાન્તિભાઈ માવજી રાબડીયા-માંડવી, પ.ભ. જયક્રિષ્નભાઈ પિઠડીયા-નૈરોબી, પ.ભ. કાન્તિલાલભાઈ નારણ કેરાઈ-બળદિયા, પ.ભ. ગોપાલભાઈ કરસન વેકરીયા-બળદિયા, પ.ભ. દિનેશભાઈ ધનજી રાબડીયા-ગોધરા, પ.ભ. વિનોદભાઈ ધનજી હાલાઈ-કેરા, પ.ભ. નારણભાઈ દેવજી કેરાઈ-રામપર, પ.ભ. મેઘજીભાઈ કરસન વરસાણી-સામત્રા, પ.ભ. શિવજીભાઈ શામજી વેકરીયા-માંડવી, પ.ભ. કાનજીભાઈ નારણ રાઘવાણી-બળદિયા **બાળયુવક**: પ.ભ. વિરજીભાઈ કાનજી રાઘવાણી-બળદિયા **ટ્રસ્ટી** : પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી-બળદિયા, પ.ભ. દેવશી કુંવરજી ગાગરા-બળદિયા, પ.ભ. મનજીભાઈ કાનજી રાઘવાણી-બળદિયા, પ.ભ. રામજી રત્ના વરસાણી-વેકરા, પ.ભ. નારણભાઈ મનજી કેરાઈ-બળદિયા **સ્કૂલ અને ક્લિનિક** : પ.ભ. લાલજીભાઈ દેવશી ગરારા-બળદિયા, પ.ભ. અરવિંદભાઈ મનજી રાઘવાણી-બળદિયા

- ભીખાલાલ વેલજી ગોરસીયા-સુખપર

# શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર - ધનુર્માસ ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૫-૧૨-૧૩ થી ૧૪-૧-૧૪ સુધી ધનુર્માસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરમાં ઉજવવમાં આવી હતી. આ માસ દરમિયાન ભવિકો વહેલી સવારે ભગવાનની ભક્તિમાં લીન થઈ અને મહારાજ માટે વિવિધ પ્રકારના થાળ બનાવી અને ભગવાનને જમાડ્યા હતા. તેમજ દરરોજ સાંજના ભગવાનના મહામંત્રની ધૂન પણ વાજીંત્ર સહિત કરવામાં આવી હતી. ધનુર્માસના રવિવારના પ્રભાતફેરી સવારના ૭ વાગ્યાથી ૯ વાગ્યા સુધી રાખવામાં આવી હતી. તેમજ વળી ત્રણ દિવસની ધનુર્માસ પારાયણ રાખવામાં આવી હતી. જેની શરૂઆત તા. ૩-૧-૧૪ના સવારના આપણા ભુજથી પધારેલા વંદનીય સંતો દ્વારા કરી અને સમાપ્ત રવિવારના તા. ૫-૧-૧૪ના સવારના ૧૧ વાગ્યે કરવામાં આવી હતી. આ પારાયણ દરમિયાન દરરોજ સાંજના તથા કથાની સમાપ્તિ બાદ પ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું. દરરોજ સવાર તથા સાંજ વારાફરતી સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા સ્વામી આનંદસ્વરૂપદાસજીએ વ્યાસ પીઠ ઉપર બિરાજી અને ભક્તોને શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળાની કથામાં રસબોળ કરી દીધા હતા. શનિવારના સાંજના રાસ તથા ધૂનનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેની ઝલક તો ત્યાં જે હાજર હતા તેમને નિહાળી તે તો અવર્ણીય છે. છેલ્લે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સભાને આશીર્વાદ આપી અને કથાની સમાપ્તિ કરવામાં આવી હતી.

મંગળવાર તા. ૧૪-૧-૧૪ના મકરસંક્રાતિના દિવસે મંદિર પતંગથી શણગારી અને એ ઉત્સવ પણ ખૂબજ ધામધૂમથી ઉજવવમાં આવ્યો હતો. શનિવાર તા. ૧૮-૧-૧૪ના મંદિરની શાળાના બાળકો તથા અન્ય ભક્તો દ્વારા બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી વિધ વિધ જાતના પતંગો આકાશમાં ઉડાળી અને સર્વેએ આનંદ માણ્યો હતો.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હિરાણી

# શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન - ધનુર્માસ

શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન ઓસ્ટ્રેલિયાને આંગણે ધનુર્માસ દર સાલની જેમ ધામધૂમથી અતિ ભક્તિભાવથી ઉજવવામાં આવ્યો હતો.

સોમવાર તા. ૧૬-૧૨-૧૩ થી દરરોજ સવારે મંગળા આરતી બાદ એક કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની રમઝટ ઝામતી. ત્યારબાદ શણગાર આરતી, સ્તુતિ-પ્રાર્થના કરી પાકા થાળ ધરાવવામાં આવતા. ત્યારબાદ શ્રીજી મહારાજની અમૃતવાણી વચનામૃતની કથા કરવામાં આવતી. ભગવાનની આગળ સિંહાસનમાં જુદા જુદા શાસ્ત્રો અને ભણાવવાના સાધન મૂકી ઠાકોરજીને રાજી કરવામાં આવતા હતા.

રવિવાર તા. ૨૯-૧૨-૧૩ પવિત્ર સફલા એકાદશીના દિવસે એટલે કે શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો પ્રાગટ્યનો દિન. તે સવારે ધૂન સાથે પ્રભાતફેરી કરવામાં આવી હતી. તેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ભાઈઓ, બહેનો અને બાળકો જોડાયા હતા. બીજું આ ધનુર્માસ દરમ્યાન દરેક રવિવારે મંદિર તરફથી જલેબી ગાંઠિયાનો પ્રસાદ તૈયાર કરી વિતરણ કરવામાં આવતો.

છેલ્લે મકરસંક્રાતિના પવિત્ર દિને, ગરીબો અનો ગાયોને દાન આપી સાંજે ઠાકોરજીની સમૂહ આરતી ઉતારી સહુ હરિભક્તો છૂટા પડ્યા હતા.

અહેવાલ :- દિપકભાઈ રાઘવાણી

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોનો સત્તરમો વાર્ષિક પાટોત્સવની ઉજવણી

પાટોત્સવની શુભ શરૂઆત બુધવાર તા. ૨૫-૧૨-૨૦૧૩ના સાંજે પોથીયાત્રાથી થયેલ. શ્રી નીલકંઠ હોલથી વાજતે ગાજતે પોથીને મંદિરના સભાખંડમાં વ્યાસ આસન પર પધરાવવામાં આવેલ.

ગુરૂવાર તા. ૨૬-૧૨-૨૦૧૩ના વહેલી સવારે પૂજારી દિનેશ મહારાજે વેદમંત્ર દ્વારા યજમાન ગામશ્રી નારણપરના પ.ભ. કાન્તીભાઈ વેલજી ભુડીયા તથા નારણભાઈ વેલજી ભુડીયા સહપરિવાર હસ્તે સ્થાપન વિધિ કરાયેલ.

પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કથાની શુભ શરૂઆત અતિ દિવ્ય ચરિત્ર ભરપૂર એવો ગ્રંથ શ્રી પુરુષોત્તમ પુષ્પ માળાની કથાનું શ્રોતાજનોને શ્રવણ કરાવીને કરેલ. શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી સાથે મળીને આ પવિત્ર ગ્રંથની સરળ ભાષામાં સંગીત સહિત સાતદિવસ રસપાન કરાવેલ.

સાંજના સત્રમાં પૂજ્ય શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ યમદંડની કથાનું શ્રવણ કરાવેલ અને ભક્તોને રાજી કરેલ.

શુક્રવાર તા. ૨૭-૧૨-૨૦૧૩ના સાંજે યુવતી મંડળની યુવતીઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

શનિવાર તા. ૨૮-૧૨-૨૦૧૩ના સવારની કથા બાદ નરસરી શાળાના બાળકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ અને સાંજે યુવક મંડળના યુવકો તરફથી ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. મહાપ્રસાદના યજમાનપદે યુવક મંડળના સભ્યો ઉમેદવાર રહેલ.

આજના શુભદિને ગામશ્રી સુખપરના પ.ભ. કાન્તાબેન મૂરજી ભુડીયા સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને સોનાનો ઢોળ ચડાવેલ પાઘ અર્પણ કરેલ.

રવિવાર તા. ૨૯-૧૨-૨૦૧૩ના શુભ સફલા એકાદશી વ્રત ઉપવાસ વહેલી સવારે મહાપૂજા રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલ. સાંજે મહાપ્રસાદના યજમાનપદે ગામશ્રી નારણપરના પ.ભ. ગોવિંદભાઈ રામજી ભુડીયા તથા કરસનભાઈ રામજી ભુડીયા રહ્યા હતા. ગોવિંદભાઈ રામજી ભુડીયા તરફથી ૨૪ નંગ આર્ટીફીશપ ફૂલના હાર ઠાકોરજીને ભેટ કરેલ. સાંજે યુવકમંડળના યુવકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

સોમવાર તા. ૩૦-૧૨-૨૦૧૩ યજમાનશ્રી નારણભાઈ વેલજી ભુડીયા સહપરિવાર તરફથી સુશોભિત વાઘા શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરેલ. સાંજે રાસ ઉત્સવ રાખવામાં આવેલ મોટી સંખ્યામાં હરિભક્તોએ રાસનો આનંદ માણ્યો હતો.

મંગળવાર તા. ૩૧-૧૨-૨૦૧૩ના સાંજે ધ્વજ રોપણની ઉછવણી કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનના ઊંચો આંક આપી ENLISH VENEER COMPANY શ્રી સુરેશભાઈ રાબડીયા તથા રીમલભાઈ રાબડીયા સહપરિવાર, ભાઈઓના સિંહાસનનો ઊંચો આંક INFORMATION SOLUTION જાહનવી તથા તનૈયા ધીરજ રાબડીયા સહપરિવાર રહ્યા હતા.

બુધવાર તા. ૧-૧-૨૦૧૪ના પ્રભાતે વહેલી સવારે વેદોક્ત મંત્રથી પૂજારી દિનેશ મહારાજે પૂજ્ય સંતોના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યમ મહારાજનો અભિષેક કરાવેલ. જેમાં હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધેલ. અભિષેક બાદ શુભ કથાનો આરંભ કરવામાં આવેલ. ત્યારબાદ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદનું શ્રવણ કરેલ અને ત્યારબાદ પ.પૂ.સ.ગુ. મહંત

સ્વામીનો આશીર્વાદ પત્ર વાંચવામાં આવેલ. મંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજી માયાણીએ દેશ દેશાંતરથી પધારેલ અને સ્થાનિક ભક્તોના આભાર વ્યક્ત કરેલ અને મંદિરમાં અનેક પ્રકારની સેવા આપતા ભક્તોનો ખૂબ જ આભાર વ્યક્ત કરેલ. વાજતે ગાજતે ધ્વજ રોપણ કરવામાં આવેલ. મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવેલ. સમાપ્તિનું પૂજન કરવામાં આવેલ. અને પારાયણના યજમાનોને તથા સંતોને પહેરામણી ભેટ કરવામાં આવેલ.

આજના દિવસે ભક્તોએ ઠાકોરજીની સેવા કરેલ હતી.

બુધવાર તા. ૧-૧-૨૦૧૪ના શુભદિને પારાયણના યજમાન શ્રી કાન્તિભાઈ વેલજી ભુડીયા તથા શ્રી નારણભાઈ વેલજી ભુડીયા સહપરિવાર તરફથી આજના શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા અર્પણ કરેલ.

ગામ નારણપરના પ.ભ. કાન્તિભાઈ વેલજી ભુડીયા તથા પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા સુપુત્રી નીતીકશા મહેશ ભંડેરી તથા સુપુત્રી રૂપમ જીતેશ રાબડીયા તથા સુપુત્રી જશીકા નારણ ભુડીયા તથા સુપુત્રી પ્રિતીકા તથા ડીના કાન્તિ ભુડીયા શ્રી ઘનશ્યામ મહારાજને નંગ જડેલ ઈમીટીર્શને હાર અર્પણ કરેલ.

રેયન રાજેશ ભુડીયા સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને એક ચાંદીનો હાર અર્પણ કરેલ.

અ.નિ. વેલજીભાઈ રામજી ભુડીયા તથા અ.નિ. વિરબાઈ વેલજી ભુડીયા હ. કાન્તિભાઈ વેલજી ભુડીયા તથા નારણભાઈ તથા વિનોદભાઈ વેલજી ભુડીયા તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને નગદ અર્પણ કરેલ.

કીંગસબરી ફ્રુટ એન્ડ વેજીટેબલ્સ હીરજીભાઈ વાલજી હિરાણી તરફથી અન્નકૂટ પેટે શાકપાન તથા ફળ અને ફૂલની સેવા.

KENFORD BUILDERS માવજીભાઈ ધનજી વેકરીયા તરફથી અન્નકૂટ પેટે દૂધ તથા મસાલાની સેવા.

પુષ્પાબેન દેવરાજ ખીમજી રાઘવાણી તરફથી દૂધની સેવા : કાન્તાબહેન કેશરા પરબત હિરાણી ગામ સામત્રા શ્રી હરિકૃષ્ણ મહારાજને ત્રણ જોડી વાઘા ભેટ અર્પણ કરેલ.

પાંચે સિંહસનમાં અન્નકૂટ ગોઠવવામાં આવેલ તેના યજમાન કાન્તિભાઈ વેલજી ભુડીયા, નારણભાઈ વેલજી ભુડીયા સહપરિવાર તરફથી સેવા.

આ પ્રમાણે ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. નવ યુવાન હરિભક્તોએ મંદિરની સુંદરતાથી શણગાર કરેલ અને હરિભક્તોમાં દિવ્યતા પ્રગટાવેલ.

અહેવાલ : પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી

મંત્રી કાનજી મનજી કેરાઈ

## ઓલડહામ મંદિરે શાકોત્સવ

રવિવાર તા. ૧૨-૧-૨૦૧૪નાં રોજે શાકોત્સવનો પ્રોગ્રામ રાખેલ હતો. ગામ કેરાના પરેશભાઈ હિતેશ ભુડીયાને ત્યાં પુત્ર ધનૈશની ખુશાલીમાં રાખેલ હતો.

સોમવાર તા. ૧૩-૧-૨૦૧૪ થી શુક્રવાર તા. ૧૭-૧-૨૦૧૪નાં ભુજથી પધારેલ સંતો તેમાં સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સાંજની કથા બાદ, સભામાં યોગા પ્રાણાયામ તેમજ ધ્યાન કેમ ધરવું તે શીખવાડતા હતા.

શનિવાર તા. ૧૮-૧-૨૦૧૪નાં ગામ નારણપરના જયંતિભાઈ રતીલાલ સાપરીઆના પુત્ર દૈવ્નની પહેલી વર્ષ ગાંઠ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ રાખેલ હતો. સર્વે હરિભક્તોએ સંતો સાથે રાસોત્સવમાં ખૂબ જ આનંદ માણ્યો હતો.

અહેવાલ :- નારણભાઈ કારા

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦/- | પ.ભ. નારણભાઈ કેશરા વેકરીયા ધ.પ. માનબાઈપુત્ર હરેશ, વિજેન્દ્ર પુત્રી દિપીકા હ.કેશરાભાઈ | ડોણ હાલે વુલ્વીચ લંડન | ધનુર્માસની ધૂન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૧/- | પ.ભ. પ્રિયંકા શૈલેશ જેસાણી | દહીંસરા હાલે | પુત્ર પાર્થના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ કોઈમ્બતુર પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | પ.ભ. ટવીંકલ માવજી હિરાણી | સુખપર રોહા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | પ.ભ. પુનિત નારણ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | પ.ભ. ભાવેશ નારણ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. લાલજી ગોપાલ ડબાસીયા | માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. દિવ્યેશ ભાવેશભાઈ ડબાસીયા | માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. વાલજી શિવજી વેલાણી સુત મુકેશ અને ભરત | સુખપર | નવી વાડી ચાલુ કરી અને વાસ્તુ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | પ.ભ. સ્નેહા દેવજી સામજી હિરાણી | માધાપર | સ્નેહાના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | પ.ભ. કાન્તાબેન હરજીભાઈ પ્રેમજી | ભારાસર | સુપુત્રી ચિ.ગીતાબેન હરજીના તા. ૫-૧૨- વરસાણી ૧૩ના લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | પ.ભ. વિનોદભાઈ ધનજી વાઘજીયાણી | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | પ.ભ. શાન્તા વિનોદ વાઘજીયાણી | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | પ.ભ. નરેન્દ્રભાઈ વિનોદ વાઘજીયાણી | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | પ.ભ. વસંતભાઈ વિનોદ વાઘજીયાણી | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | પ.ભ. અ.નિ.માતુશ્રી વીરબાઈ દેવરાજ હિરાણીસુપુત્ર શિવજીભાઈ દેવરાજ હિરાણી ધ.પ. રામબાઈ, સુત રમેશ અને ખીલન | મેઘપર | ભુજ મંદિરમાં કથા પ્રસંગે ભેટ |
| ૧૫૦/- | પ.ભ. અ.નિ. વાઘજી નાનજી વેકરીયા હ. પુત્રી વાલબાઈ | માધાપર | પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ઠાકોરજીને થાળ, સંતોને રસોઈ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. કેશરાભાઈ સામજી વરસાણી | કોડકી | ધનુર્માસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | પ.ભ. નારણભાઈ કરસન ભુડીયા પરિવાર | ફોટડી | કથા પારાયણ પ્રસંગે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | સુપુત્ર ચિ. સંજયના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી નરનારાયણ કન્સ્ટ્રકશન કું. | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | પ.ભ. શિવમ્ રાજેશભાઈ હાલાઈ | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | પ.ભ. રાજેશભાઈ વાલજી હાલાઈ | સુખપર | ચિ.કૃષિના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પ.ભ. ગોવિંદભાઈ કરસનભાઈ ગોગરા | ભીમાસર | પિતાશ્રી કરસનભાઈ પંચાણભાઈ ગોગરા અક્ષરવાસી થતાં તેમના મોક્ષાર્થે ભેટ |
| ૫૦૦/- | પ.ભ. જાદવજી લાલજી વરસાણી | માધાપર | નવું જેસીબી મશીન ખરીદ્યું તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | પ.ભ. નીલભાઈ લાલજી રત્ના ભુડીયા હ.રત્નાભાઈ | ફોટડી હાલે મોમ્બાસા | નીલભાઈના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦ | પ.ભ. ધીરેશ નરેન્દ્ર ભુડીયા | માધાપર હાલે લંડન | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |















(૧-૨) શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણમાં ઉપસ્થિત પ.પૂ. મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામી સાથે યજમાન પરિવાર શિવ મંદિર જીર્ણોદ્ધાર પ્રસંગે-ગોડપર, (૩-૪-૫) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ભવ્યરીતે ઉજવાયો. સહભાગી બહોળા પ્રમાણમાં ભક્તો તથા ભુજ મંદિરના સંતો-કેન્ટન, હેરો. (૬), પવિત્ર ધનુર્માસમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે પ્રભાતફેરી-મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા. (૭-૮) શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય ભુજના ૫૦માં વર્ષની વર્ષ દરમ્યાન ચાલનાર પ્રવૃત્તિનો પ્રારંભ કરાવતા સંતો તથા ટ્રસ્ટીઓ-ભુજ. (૯) માંડવી શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામમાં ઓફિસ, પ્રોજેકટરરૂમના ઉદ્‌ઘાટન પ્રસંગે પ.પૂ. મહંત સ્વામી યજમાન શ્રી પ.ભ. કાન્તિભાઈ સુપુત્ર કોશિક તથા દેવનને આશીર્વાદ આપી રહ્યા છે. (૧૦) પ.ભ. વાલજીભાઈ શીવજી વેલાણીની નવી વાડીમાં પ.પૂ. સંતોની પધરામણી-સુખપર. (૧૧) સાં.યો. બહેનોના સાનિધ્યમાં સત્સંગનો લાભ લેતાં બહેનો તથા બાલિકાઓ-ચંદ્રનગર (ખોખરા). (૧૨) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિરના ૬૦માં વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે ત્રિદિવસીય સત્સંગ શિબિરમાં કાર્યક્રમ રજૂ કરતા યુવા-બાળ ભક્તો-નાઈરોબી.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014




શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને ૩૧લાખ ફુલોથી શણગારવામાં આવેલ તેની તસ્વીરી ઝલક



ધનુર્માસ ધૂનમાં સહભાગી બહોળા પ્રમાણમાં ભક્ત સમુદાય, ભુજ



ભુજ મંદિર દ્વારા ગરીબ લોકોને ધાબળા તથા જાકીટનું વિતરણ



ભવ્ય રીતે ઉજવાયો શાકોત્સવ, ભુજ








(૧-૨) પવિત્ર માધરનાનમાં શ્રી ઠાકોરજીનો હમિરસોરવરમાં નૌકાવિહારી - ભુજ (૩) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુર્હૂત કરતા સંતો તથા યજમાન નારણભાઈ મનજી કેરાઈ, સુત કાન્તિભાઈ તથા અ.નિ. કલ્યાણભાઈ પૌત્રો ઉમેશભાઈ તથા નંદુભાઈ પરિવારે આ મંદિરનો સંપૂર્ણ બાંધકામના દાતાશ્રીનો લાભ લીધેલ છે-પ્લાંસવા (વાગડ)